**GJRJ140009512011**

| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | : | ૦૨/૦૭/૨૦૧૮ | | |
| દાખલ તારીખ | : | ૦૨/૦૭/૨૦૧૮ | | |
| ફેંસલ તારીખ | : | ૨૦/૦૪/૨૦૨૬ | | |
| અવધિ | : | વર્ષ | માસ | દિન |
| | : | ૦૭ | ૦૯ | ૧૮ |
| આંક | : | ૧૪૨ | | |

**:: નમુનો – અ ::**

| | | |
|---|---|---|
| **જસદણનાં મહેરબાન એડિશનલ ચીફ જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ (શ્રી કે.એન.દવે) સાહેબની અદાલતમાં, મુંઃ જસદણ સમક્ષ.** | | |
| **ચુકાદાની તારીખ** | :- | ૨૦/૦૪/૨૦૨૬ |
| **ફોજદારી કેસ નંબર** | :- | ૫૯૧/૨૦૧૮ |
| **પોલીસ સ્ટેશન/ એફ.આઈ.આર.નં** | :- | જસદણ પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૧૬/૨૦૧૮ |
| **ગુનો** | :- | ઈ.પી.કોડની–કલમો– ૪૦૬, ૪૦૯, ૪૨૦ તથા ૧૧૪ મુજબ |
| **ફરીયાદી** | :- | શ્રી સરકાર |
| **વિ. એ.પી.પી. શ્રીમતી** | :- | કે.એમ.ચૌધરી. |
| **આરોપીઓનું નામ** | :- | **(૧) ચતુરભાઈ લાલજીભાઈ બાવીસી.** રહે. ગીતાનગર, તા. જી. જસદણ. **(૨) રવજીભાઈ ભીખાભાઈ ઠુંમર.(એબેટેડ)** રહે. જસદણ, જી. રાજકોટ. |

| | | |
|---|---|---|
| **આરોપીઓ તર્ફે વિ.વ.શ્રી** | :- | વાય. એલ. દલાલ. |

**:: નમુનો – બ ::**

| | | |
|---|---|---|
| **ગુનાની તારીખ** | **:–** | ૨૫/૦૪/૨૦૧૬ |
| **ફરીયાદની તારીખ** | **:–** | ૩૧/૦૩/૨૦૧૮ |
| **ચાર્જશીટની તારીખ** | **:–** | ૦૨/૦૭/૨૦૧૮ |
| **ચાર્જફ્રેમ/પ્લી તારીખ** | **:–** | ૦૪/૧૦/૨૦૨૧ |
| **પુરાવો શરુ થયાની તારીખ** | **:–** | ૨૭/૧૨/૨૦૨૨ |
| **ચુકાદા માટે રાખવાની તારીખ** | **:–** | ૧૮/૦૪/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | **:–** | ૨૦/૦૪/ ૨૦૨૬ |

**:: આરોપીની વિગત ::**

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા/ સજા કરી | કરવામાં આવેલ સજા | અટકાયતનો સમયગાળો CRPC-428 મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ચતુરભાઈ લાલજીભાઈ બાવીસી. | ૩૦/૦૩/૨૦૧૮ | ૧૦/૦૪/૨૦૨૮ | ઈ.પી.કોડની કલમ–૪૦૬, ૪૦૯, ૪૨૦ તથા ૧૧૪ મુજબ | નિર્દોષ | આખરી હુકમ મુજબ | – |

# –:: <u>ચુ કા દો</u> ::–

**(૧)** આરોપી વિરૂધ્ધ ઈન્ડીયન પીનલ કોડ–૧૮૬૦ ની કલમ–૪૦૬, ૪૦૯, ૪૨૦ તથા ૧૧૪ મુજબનાં શિક્ષાપાત્ર ગુના અંગે આરોપ છે.

**(૨)** ફરિયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ અનુરાધા સ્પીનીંગ મીલના ડાયરેકટરો હોય

જેઓએ રાજકોટ નાગરીક સહકારી બેન્ક જસદણ શાખાને વિશ્વાસમાં લઈ નાગરીક સહકારી બેંક જસદણની શાખામાંથી સ્પ્રીનીંગ મીલની મશીનરી સારુ રૂ. ૧,૫૦,૦૦,૦૦૦/- ની લોન તથા માલના સ્ટોક પર ૨,૫૦,૦૦,૦૦૦/- (અઢી કરોડ) ની સી.સી. મેળવી લોન તથા સી.સી.ના હપ્તા તથા વ્યાજ નહી ભરી તથા મીલમાં કપાસના રૂ ના કાચા પાકા માલનો સ્ટોક બેંકની સંમતિ વગર બારોબાર વેંચી નાખી, બેંક તરફથી આપેલ લોન તથા સી.સી.ની રકમ નહી ભરી, રાજકોટ નાગરીક સહકારી બેંક જસદણ શાખા સાથે રૂ. ૪,૦૦,૦૦,૦૦૦/- (ચાર કરોડ) ની ઠગાઈ કરી, વિશ્વાસઘાત કરી, ગુનામાં એકબીજાની મદદગારી કરી ઈ.પી.કો. કલમ-૪૦૬, ૪૦૯, ૪૨૦ તથા ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કર્યાની ફરિયાદ ફરિયાદીએ જસદણ પો.સ્ટે.માં આપતાં સદર ફરીયાદ જસદણ પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબર ફર્સ્ટ ૧૬ / ૨૦૧૮ થી રજીસ્ટર્ડ કરેલ અને તે કામે તપાસ કરનાર અધિકારીએ આંક-૧ મુજબનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

(૩) આ કામનાં આરોપીને સમન્સ કરતાં આરોપી કોર્ટમાં હાજર થતાં તેમને પોલીસ તપાસનાં તમામ પેપર્સની નકલો વિના મૂલ્યે મળી ગયાની ખાત્રી કર્યા બાદ મારા પુરોગામી ન્યાયાધિશશ્રી દ્વારા આરોપી સામે આંક- ૪૪ થી તહોમતનામું ફરમાવી આંક- ૪૫ અને ૪૬ થી આરોપીની પ્લી રેકર્ડ કરેલ જેમાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરતાં કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૪) આ કામમાં ફરિયાદ પક્ષ તરફથી નીચે મુજબના પુરાવા રજૂ થયેલ છે.

**મૌખિક પુરાવો :-**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૦૭ | ફરીયાદી કિશોરસિંહ દોલતસિંહ ઝાલાની જુબાની. |
| ૨ | ૬૧ | સ્થા. પંચ રાજેશભાઈ નાગજીભાઈ ગઢાદરાની જુબાની. |
| ૩ | ૬૫ | અટક પંચ દિપેનભાઈ વિનોદભાઈ ઠુંમરની જુબાની. |
| ૪ | ૬૭ | અટક પંચ રસીકભાઈ રમેશભાઈ વઘાસીયાની જુબાની. |
| ૫ | ૬૮ | અટક પંચ ભાવેશભાઈ પ્રાગજીભાઈ વઘાસીયાની જુબાની. |
| ૬ | ૭૬ | અટક પંચ જેરામભાઈ શિવરાજભાઈ હિરપરાની જુબાની. |
| ૭ | ૮૨ | સાહેદ પંકજભાઈ માધુભાઈ વાઘેલાની જુબાની. |
| ૮ | ૮૩ | સાહેદ પંકજભાઈ કનૈયાલાલ વસાણીની જુબાની. |
| ૯ | ૯૩ | ત.ક.અ.શ્રી વિનોદભાઈ રામજીભાઈ વાણીયાની જુબાની. |
| ૧૦ | ૧૦૦ | સાહેદ તેજસ ચંદ્રકાંત વ્યાસની જુબાની. |
| ૧૧ | ૧૦૩ | સાહેદ રતીલાલ બાબુલાલ ગણાત્રાની જુબાની. |
| ૧૨ | ૧૧૨ | ત.ક.અ.શ્રી લાભશંકર લક્ષ્મીશંકર ભટ્ટની જુબાની. |
| ૧૩ | ૧૧૩ | સાહેદ શનીભાઈ નારણભાઈ બોરડની જુબાની. |
| ૧૪ | ૧૧૭ | દા.ક.અ.શ્રી મનુભાઈ કરશનભાઈ વણોલની જુબાની. |
| ૧૫ | ૧૩૨ | ત.ક.અ.શ્રી હરેશભાઈ ગોવિદભાઈ પદ્માચાર્યની જુબાની. |

**દસ્તાવેજી પુરાવા :-**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૦૮ | ફરીયાદ. |
| ૨ | ૬૨ | સ્થાનિક જગ્યાનું પંચનામું. |
| ૩ | ૬૬ | અટક પંચનામું. |
| ૪ | ૬૯ | અટક પંચનામું. |
| ૫ | ૧૦૧ | સ્થળ તપાસ રિપોર્ટ. |

| | | |
|---|---|---|
| ૬ | ૧૦૨ | સ્થળ તપાસ રિપોર્ટ. |
| ૭ | ૧૦૪ | દાવાવાળી મિલ્કત કબ્જે લેવા અંગેનું પંચનામું. |
| ૮ | ૧૩૩ | પંચનામું. |
| ૯ | ૧૩૪ | રાજકોટ નાગરીક બેંકના સ્ટેટમેન્ટની નકલ. |
| ૧૦ | ૧૩૫ | ઈકવીટેબલ રજીસ્ટ્રેશન. |
| ૧૧ | ૧૩૬ | ધીરાણ એપ્રીજલ રીપોર્ટ. |
| ૧૨ | ૧૩૭ | અનુરાધા સ્પીનીંગ લીમીટેડના બંધારણ. |

ત્યારબાદ ફરીયાદપક્ષ તર્ફે વિદવાન એ.પી..પી. દવારા ફરીયાદ પક્ષનો પુરાવો પૂર્ણ થયાનુ મૌખીક જાહેર કરવામાં આવેલ. જેથી ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ. સદર કામે ક્રિ.પ્રો. કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન લેવા યોગ્ય પુરાવો રેકર્ડપર જણાતો ન હોઈ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ બંને પક્ષોની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) આ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્ધાઓ ઉપસ્થિત થયેલ છે.

**–:: મુદ્ધા ::–**

૧. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ અનુરાધા સ્પીનીંગ મીલના ડાયરેકટરો હોય જેઓએ રાજકોટ નાગરીક સહકારી બેન્ક જસદણ શાખાને વિશ્વાસમાં લઇ નાગરીક સહકારી બેંક જસદણની શાખામાંથી સ્પીનીંગ મીલની મશીનરી સારુ રૂ. ૧,૫૦,૦૦,૦૦૦/– ની લોન તથા માલના સ્ટોક પર ૨,૫૦,૦૦,૦૦૦/– (અઢી

કરોડ) ની સી.સી. મેળવી લોન તથા સી.સી.ના હપ્તા તથા વ્યાજ નહી ભરી તથા મીલમાં કપાસના રૂ ના કાચા પાકા માલનો સ્ટોક બેંકની સંમતિ વગર બારોબાર વેંચી નાખી, બેંક તરફથી આપેલ લોન તથા સી.સી.ની રકમ નહી ભરી, રાજકોટ નાગરીક સહકારી બેંક જસદણ શાખા સાથે રૂ. ૪,૦૦,૦૦,૦૦૦/– (ચાર કરોડ) ની ઠગાઈ કરી, વિશ્વાસઘાત કરી, ગુનામાં એકબીજાની મદદગારી કરી ઈ.પી.કો. કલમ–૪૦૬, ૪૦૯, ૪૨૦ તથા ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

૨. છેવટે શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓના મારાં નિર્ણય નીચે મુજબના છે.

મુદ્દા નં.૧ **નકારાત્મક.**

મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.

## ::– નિર્ણય માટેના કારણો –::

## મુદૃા નં.૧ અને ૨.

(૭) સદર કામે ફરિયાદપક્ષ તર્ફે આ કામનાં આરોપી ઉપર એવો આક્ષેપ છે કે, આ કામના આરોપીઓએ અનુરાધા સ્પીનીંગ મીલના ડાયરેકટરો હોય જેઓએ રાજકોટ નાગરીક સહકારી બેન્ક જસદણ શાખાને વિશ્વાસમાં લઇ નાગરીક સહકારી બેંક જસદણની શાખામાંથી સ્પીનીંગ મીલની મશીનરી સારુ રૂ. ૧,૫૦,૦૦૦૦૦/– ની લોન તથા માલના સ્ટોક પર ૨,૫૦,૦૦૦૦૦/– (અઢી કરોડ) ની સી.સી. મેળવી લોન તથા સી.સી.ના હપ્તા તથા વ્યાજ નહી ભરી તથા મીલમાં કપાસના રૂ ના કાચા પાકા માલનો સ્ટોક બેંકની સંમતિ વગર બારોબાર

વેંચી નાખી, બેંક તરફથી આપેલ લોન તથા સી.સી.ની રકમ નહી ભરી, રાજકોટ નાગરીક સહકારી બેંક જસદણ શાખા સાથે રૂ. ૪,૦૦૦૦૦૦૦/- (ચાર કરોડ) ની ઠગાઈ કરી, વિશ્વાસઘાત કરી, ગુનામાં એકબીજાની મદદગારી કરી ઈ.પી.કો. કલમ-૪૦૬, ૪૦૯, ૪૨૦ તથા ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે.

(૮) ફરિયાદપક્ષે પોતાનાં કેસની હકીકતના સમર્થનમાં સૌપ્રથમ આંક- ૧૦૭ થી ફરીયાદી કિશોરસિંહ દોલતસિંહ ઝાલાનાઓને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, "બનાવ સમયે હું જસદણમાં આવેલ રાજકોટ નાગરીક સહકારી બેંકમાં મેનેજર તરીકે હોદા ઉપર હતો. મારે કામગીરીમાં બેંકની તમામ જવાબદારી નિભાવવાની હતી. મારે ફરજ દરમીયાન બેંકના કોઈપણ ખાતા ખોલવા, લોનના ખાતા ખોલવા, રીકવરીની કામગીરી અને બેંક ડેવલપેમન્ટની તમામ કામગીરી કરવાની આવતી હતી. બનાવ સને ૨૦૧૭-૨૦૧૮ માં બનેલો હતો. બનાવમાં અનુરાધી સ્પીનીંગ મિલ્સ પ્રા.લીમીટેડે પોતાના સ્પીનીંગ મિલમાં ધંધાના હેતુ માટે પૈસાની જરૂરીયાત હોવાથી અમારી રાજકોટ નાગરીક સહકારી બેંક જસદણ શાખામાં રજુઆત કરેલ કે તેઓને સીસી અઢી કરોડ અને મશીનરીની લોન દોઢ કરોડની જરૂર છે. આ જે લોન મંજુર થઈ તે દરમીયાન હું રાજકોટ નાગરીક સહકારી બેંકમાં હતો. હું જસદણ શાખામાં આવ્યા બાદ આ લોનના હપ્તા ભરાતા ન હતા ત્યારબાદ મે અનુરાધા સ્પીનીંગ મિલ્સને ટેલીફોનીક તથા માણસોને મોકલીને તથા નોટીસ આપીને પૈસા ભરવા બાબતે જાણ કરેલ હતી તેમ છતા આરોપી પાસેથી કોઈ પૈસાની રીકવરી થયેલ ન હતી જેથી હેડ ઓફીસને જાણ કરેલી પછી ખાતું એનપીએ કરવામાં આવેલું. ત્યારબાદ અમને જાણવા મળેલ કે અનુરાધા સ્પીનીંગ મિલ્સમાં કોઈ સ્ટોક અને મશીનરી ત્યાં હતું નહી જે

સ્ટોક અને મશીનરી સગેવગે કરી દિધેલ હતી જેથી મે હેડ ઓફીસને જાણ કરેલ ત્યાંથી બે માણસો અને અમે અનુરાધા સ્પીનીંગ મિલમાં ગયેલ અને ત્યાં જઈને જોયું તો સ્પીનીંગ મિલમાં લોક કરેલ હોવાથી સ્પીનીંગ મિલમાં પાર્ટનર રવજીભાઈને ફોનથી જાણ કરેલ પરંતુ તેઓ હાજર રહેલ નહી. ત્યારબાદ તે જગ્યાએ સિમ્બોલીંગ કબ્જા અંગેની નોટીસ ચોંડેલી. ત્યારબાદ અમોએ આરોપીઓને સરફેસી મુજબની નોટીસ આપેલી. ત્યારબાદ મુદત પુરી થતા મામલતદારશ્રીએ કબ્જા અંગેનો હુકમ કરતા અમો મિલમાં કબ્જો મેળવવા ગયેલા ત્યાં મશીનરી ન હતી અને તેનું પંચનામું હેડ ઓફીસના અધિકારીએ કરેલું. ત્યારબાદ અમે પોલીસ ફરીયાદ આપેલી. મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે તેમાં ફરીયાદી તરીકે મારી સહી છે જે હું ઓળખી બતાવું છું. જે પુરાવામાં રજુ **દા.આંક.૧૦૮** આપવામાં આવે છે. હાલની ફરીયાદ મે અનુરાધા સ્પીનીંગ મિલના પાર્ટનરોએ પૈસા ભરેલ ન હોવાથી અને મશીનરી સગેવગે કરી અને વેચી નાંખેલ હોવાથી હાલની ફરીયાદ મે આપેલ હતી. હું આરોપી ડોકટર સાહેબને ઓળખું છું. આરોપી તર્ફે ઓળખની તકરાર નથી."

આ ફરીયાદી તેમની બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરે છે કે, "હું જસદણ શાખામાં હાલનો કેસ થયો તેના પાંચેક માસ પહેલા જોઈન્ટ થયેલો.એ વાત ખરી છે કે આ કામના આરોપી ડોકટર બાવીશીનાઓએ તારીખ–૩૧/૦૮/૨૦૧૫ ના રોજ એક અરજી આપેલી. આ અરજીમાં તેઓએ એમ જણાવેલ છે કે અનુરાધા સ્પીનીંગ મિલમાં મશીનરી તથા અન્ય સામાનની ચોરી થયેલ છે. એ વાત ખરી છે કે આ અરજીના અનુસંધાને હું તથા હેડ ઓફીસના અધિકારીઓ સ્થળ ઉપર તપાસ કરવા ગયેલા હતા ત્યાં તાળું મારેલું હતું. આ તારીખ–૩૧/૦૮/૨૦૧૫ ના રોજવાળી અરજીમાં એવું પણ લખેલું હતું કે,અનુરાધા સ્પીનીંગ મિલના

ડિરેકટરશ્રી રવજીભાઈ ભીખાભાઈ ઠુંમર તથા તેમનો પુત્ર ચિરાગ રવજીભાઈ ઠુંમર તથા બટુકભાઈ ઉકાભાઈ છાયાણીનાઓ મળીને અનુરાધા સ્પીનીંગ મિલમાં મારી જાણ બહાર ચોરી છુપીથી રાત્રે રાત્રે મશીનરીના સામાનની ચોરી કરેલ છે અને તે બાબતનું હું તમને લેખીતમાં જાણ કરૂ છું. આ તારીખ–૩૧/૦૮/૨૦૧૫ ના રોજવાળી અરજી બતાવવામાં આવે છે તેમાં રીસીવ કરનાર તરીકે મારી સહી છે જે હું ઓળખી બતાવું છું. જે પુરાવામાં રજુ **દા.આંક.૧૦૯** આપવામાં આવે છે."

વધુમાં આ ફરીયાદી તેમની બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરે છે કે, "એ વાત ખરી છે કે આ તારીખ–૩૧/૦૮/૨૦૧૫ ના રોજવાળી અરજી અમોએ ફરીયાદ આપ્યા પહેલા આરોપીએ આપેલી. એ વાત ખરી છે કે લોન અંગેની કાર્યવાહી પુર્ણ થયા બાદ જ લોનની રકમ મળે. એ વાત ખરી છે કે લોન મંજુર કરતા સ્થળની મુલાકાત લેવાય છે અને જરૂરીયાતની મશીનરી માટે કોટેશન મેળવવામાં આવે છે અને સીસી માટે તેના હિસાબી સરવૈયા ચેક કરી સીસી મંજુર કરવામાં આવે છે. અમોએ જુની મશીનરીમાં હાલના આરોપીને લોન આપેલ હોય તે મશીનરીની વેલ્યુએશન રીપોર્ટ કરીને આપવામાં આવે છે. એ વાત ખરી છે કે લીધેલ લોનના કે સીસીના હપ્તા ભરવામાં લોન ગ્રાહક નિષ્ફળ જાય તો નિયત સમયમાં તેને નોટીસ આપી નોટીસ સમયમાં રકમ ન ભરે તો તેમની સામે દિવાની કાર્યવાહી થઈ શકે. એનપીએ લોન લેનાર વ્યકિત લોનના હપ્તા ત્રણ માસ સુધી સળંગ હપ્તા ન ભરે તો તેની સામે એનપીએ કરવામાં આવે છે. સીસીમાં વ્યાજ ન ભરે તો એનપીએ કરવામાં આવે છે. એનપીએ કર્યા પહેલા અમો ગ્રાહકને નોટીસ આપ્યે છીએ. અમો સ્થળ મુલાકાત લીધી તે પહેલા અમારા બેંકના કર્મચારી બે વખત ઈન્સ્પેકશન કરવા માટે ગયેલા ત્યારે માલ,મશીનરી અને સ્ટોક વ્યવસ્થિત હતું. દર ત્રણ મહીને જવાનું હોય છે. અમારા કર્મચારીઓ

એનપીએ કરતા પહેલા કઈ તારીખે અને કયારે ગયેલા તે મને ચોકકસ તારીખ યાદ નથી. અમો ઈન્સ્પેકશન બાદ બે વખત ગયેલા ત્યારે સ્થળ પર મિલને તાળા મારેલા હતા તે વખતે હું તથા હેડ ઓફીસના કર્મચારીઓ હાજર હતા. અમો સ્થળ મુલાકાત લીધી ત્યારે તાળું મારેલ હોય મિલની અંદર કઈ મશીનરી,કેટલો સ્ટોક,શું અંદર હતું તેની કોઈ વિગતનો અમને ખ્યાલ નથી. અમો સેકન્ડ ટાઈમ ગયા ત્યારે દરવાજા ઉપર બંધ હાલતમાં નોટીસ ચોડેલી ત્યારે અંદર શું હતું તેની અમને ખબર નથી. અમોએ મામલતદાર સાહેબની હાજરીમાં મિલના તાળા તોડેલા અને ત્યારે પ્રથમ વખત જ મિલની અંદર પ્રવેશ કરેલો. ત્યાર પહેલા મિલને તાળા હોય અમોએ અંદર પ્રવેશ કરેલો નહી. એ વાત ખરી છે કે અમો મામલતદાર સાહેબને સાથે રાખીને મિલની અંદર પ્રવેશ કરેલો ત્યાર પહેલા ગયા નથી. અમો મામલતદાર સાહેબને સાથે રાખીને ગયા ત્યારે મિલની અંદર કોઈ સામાન ન હતો તેની ખબર ત્યારે જ પડેલી ત્યાર પહેલા પડેલી નહી. અમોએ આરોપી ચતુરભાઈ લાલજીભાઈ બાવીશી સાહેબે અરજી આપ્યા બે વખત સ્થળનું ચેકીંગ કરેલું અને બન્ને વખતે તાળા મારેલા હતા. અમોએ બાવીશી સાહેબની અરજીનો જવાબ આપેલ નહી. આ મિલમાંથી સ્ટોકનો,મશીનરીનો વિગેરેનો કોણે સગે વગે કરી,કોણ લઈ ગયેલું તેની કોઈ જાણ અમોને હતી નહી. અમોએ મિલની અંદર સામાન અથવા મશીનરી,કાચો માલ મળી આવેલ નહી તે બાબતે આરોપીઓને કોઈ જાણ કરી ખુલાસો મેળવેલ નથી. એ વાત ખરી નથી કે આરોપી નં.૨ રવજીભાઈ ભીખાભાઈ ઠુંમર આ મિલની અંદર માલસામાન, મશીનરીની અન્ય જગ્યાએ સ્થળાંતર કરે છે તેવું નિવેદન આપેલું. એ વાતની મને ખબર નથી કે સીવીલ પ્રકારના દાવામાં પ્રોસીઝર કરવામાં ઘણો સમય લાગે. બેંક દ્વારા સીવીલ રાહે કાર્યવાહી કરવામા આવેલ છે કે કેમ તેની મને ખબર નથી. "

(૯) ત્યારબાદ ફરીયાદ પક્ષે આંક– ૬૧ થી સ્થા. પંચ રાજેશભાઈ નાગજીભાઈ ગઢાદરાનાઓને સોગંદ ઉપર તપાસેલા છે અને તેમની જુબાની દરમ્યાન આંક– ૧૮ થી સ્થાનિક જગ્યાનું પંચનામું રજુ થયેલ છે. તેઓ ફરીયાદપક્ષની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેઓને રેકર્ડ પર ફરી ગયેલા જાહેર કરાયેલ છે. તેમજ ઉલટતપાસમાં પણ કોઈ મહત્વની હકીકત જણાવતા નથી.

(૧૦) ત્યારબાદ ફરીયાદ પક્ષે આંક– ૬૫ થી અટક પંચ દિપેનભાઈ વિનોદભાઈ ઠુંમરનાઓને સોગંદ ઉપર તપાસેલા છે અને તેમની જુબાની દરમ્યાન આંક– ૬૬ થી અટક પંચનામું રજુ થયેલ છે. તેઓ ફરીયાદપક્ષની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેઓને રેકર્ડ પર ફરી ગયેલા જાહેર કરાયેલ છે. તેમજ ઉલટતપાસમાં પણ કોઈ મહત્વની હકીકત જણાવતા નથી.

(૧૧) ત્યારબાદ ફરીયાદ પક્ષે આંક– ૬૭ થી અટક પંચ રસીકભાઈ રમેશભાઈ વઘાસીયાનાઓને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ ફરીયાદપક્ષની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેઓને રેકર્ડ પર ફરી ગયેલા જાહેર કરાયેલ છે. તેમજ ઉલટતપાસમાં પણ કોઈ મહત્વની હકીકત જણાવતા નથી.

(૧૨) ત્યારબાદ ફરીયાદ પક્ષે આંક– ૬૮ થી અટક પંચ ભાવેશભાઈ પ્રાગજીભાઈ વઘાસીયાનાઓને સોગંદ ઉપર તપાસેલા છે અને તેમની જુબાની દરમ્યાન આંક– ૬૬ થી અટક પંચનામું રજુ થયેલ છે. તેઓ ફરીયાદપક્ષની હકીકતને સમર્થન કરતા ન હોય

વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેઓને રેકર્ડ પર ફરી ગયેલા જાહેર કરાયેલ છે. તેમજ ઉલટતપાસમાં પણ કોઈ મહત્વની હકીકત જણાવતા નથી.

**(૧૩)** ત્યારબાદ ફરીયાદ પક્ષે આંક-૭૬ થી અટક પંચ જેરામભાઈ શિવરાજભાઈ હિરપરાનાઓને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ ફરીયાદપક્ષની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેઓને રેકર્ડ પર ફરી ગયેલા જાહેર કરાયેલ છે. તેમજ ઉલટતપાસમાં પણ કોઈ મહત્વની હકીકત જણાવતા નથી.

**(૧૪)** ત્યારબાદ ફરિયાદપક્ષે આંક-૧૦૭ થી સાહેદ સાહેદ પંકજભાઈ માધુભાઈ વાઘેલાનાઓને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, "બનાવ સમયે હું જસદણમાં આવેલ રાજકોટ નાગરીક સહકારી બેંકમાં ઓફીસ આસીસ્ટન્ટના હોદા ઉપર હતો જેમાં મારે લોનની રકમની રીકવરી કરવાની હતી.બનાવ તારીખ-૧૫/૦૭/૨૦૧૫ ના રોજ બનેલો હતો. આ બનાવમાં અનુરાધા સ્પીનીંગ મીલ્સ પ્રા.લીમીટેડ કંપનીએ સ્પીનીંગ મીલ્સના ધંધાના હેતુ માટે રાજકોટ નાગરીક સહકારી બેક જસદણ શાખામાંથી જેમાં બે પ્રકારની લોનની માંગણી કરેલ હતી જેમાં (૧) દોઢ કરોડની મશીનરી માટે લોનની માંગણી કરેલ હતી તથા સીસી માટે અઢી કરોડની માંગણી કરેલ. તારીખ-૦૧/૦૯/૨૦૧૪ ના રોજ માંગણી કરેલ હતી અને તારીખ-૩૧/૧૦/૨૦૧૪ ના રોજ મંજુર થયેલી હતી. ત્યારબાદ આરોપીઓએ છ મહીના સુધી રેગ્યુલર લોનના હપ્તા ભરેલ હતા ત્યારબાદ તેઓ હપ્તા ભરતા ન હતા. ત્યારબાદ નેવું દિવસ દરમીયાન હપ્તા ન ભરે તો આરબીઆઈની ગાઈડલાઈન મુજબ એનપીએ કરવું પડે. તારીખ-૩૦/૦૬/૨૦૧૫ ના રોજ અનુરાધા સ્પીનીંગ મીલ્સ કંપનીના બન્ને બેંક ખાતા કંપનીના નિયમ મુજબ એનપીએ કરવામાં આવેલા હતા. ત્યારબાદ તારીખ-૧૫/૦૭/૨૦૧૫ ના રોજ

એક સરફેસી એકટની નોટીસ આરોપીઓને આપેલ હતી જેમાં ૬૦ દિવસની અંદર લોનની રકમ ભરપાઈ કરી દેવાની જે અંગેની નોટીસ આપેલ હતી. ઓકટોબર,૨૦૧૫ ની સાલમાં અમો અનુરાધા સ્પીનીંગ મિલ્સમાં હું તથા અમારી રીકવરીની ટીમ સ્થળ તપાસણી માટે ગયેલ હતી પરંતુ મીલમાં તાળા લગાવેલ હતા જેથી મેનેજર સાહેબે રવજીભાઈ તથા તેમના દિકરાને ફોન કરેલો. ફોન કરતા કોઈ આવેલ ન હતા અને અમોએ મીલમાં જોયું તો મીલની અંદર કોઈ સાધન સામ્રગી કે ચીજવસ્તુઓ કે મશીનરી હતી નહી,મીલ ખાલી હતી. ત્યારબાદ બેંકની ટીમે ચર્ચા વિચારણા કર્યા બાદ આરોપીઓએ બેંક સાથે ચીટીંગ કર્યા અંગેની ફરીયાદ આપવાનું નકકી કરેલ. હાલની બનાવની ફરીયાદ બ્રાન્ચ મેનેજરે આપેલી હતી. તપાસ કરનાર અમલદારે મારી પુછપરછ કરેલી અને મારૂ નિવેદન નોંધેલું. આરોપીઓને હું ઓળખું છું. જે આજરોજ નામદાર અદાલતમાં હાજર નથી."

ત્યારબાદ આ સાહેદ તેઓની બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં જણાવે છે કે, "હું ધોરણ-૧૨ સુધી ભણેલો છું. હું છેલ્લા ૨૦ વર્ષથી જસદણ બ્રાન્ચમાં નોકરી કરૂ છું જેમાં પ્રથમ નોકરી ઓફીસ આસીસ્ટન્ટથી ચાલુ કરેલી. એ વાત ખરી છે કે સામાન્ય રીતે લોન મેળવવા માટે અરજી કરેલ હોય ત્યારથી લોન મંજુર થાય ત્યાં સુધી સ્થળ,સ્થિતી અને લોન માટે ડોકયુમેન્ટના ચકાચણી બાદ લોન મંજુર થાય છે. એ વાત ખરી છે કે લોન મેળવનાર વ્યકિતઓએ અધુરી માહીતી હોય અથવા સ્થળ સ્થિતીમાં ફેરફાર હોય તો લોન નામંજુર કરવામાં આવે છે. જસદણમાં અમારી બ્રાન્ચમાં ૧૮ સભ્યોનો સ્ટાફ હતો. મારી કામગીરી માત્ર રીકવરીની છે. લોન મંજુર કરનાર વ્યકિતનો વિભાગ આખો અલગ હોય છે કયાં પ્રકારે, કયારે કઈ રીતે, કઈ રીતે લોન મંજુર કરે તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે આ કેસમાં પણ કયારે,કઈ વ્યકિતએ લોન મેળવવા અરજી,કયા ડોક્યુમેન્ટ રજુ કરેલ તેની મને ખબર નથી. હું રીકવરી સ્ટાફ સાથે ગયેલ ત્યારે બે વખત સ્થળ

ઉપર ગયેલો હતો ત્યારે મીલ ચાલુ હતું અને કહીએ એટલે હપ્તા ભરી જતા હતા. મીલ ચાલુ હતી ત્યારે રવજીભાઈનો પુત્ર ચિરાગ મળતો હતો.ચિરાગ તેનો વહીવટ કરતો હતો પરંતુ અગાઉ ઔપચારીક મુલાકાતે ગયેલા ત્યારે રવજીભાઈ મળેલા. અમો રીકવરી માટે ગયા ત્યારે ચિરાગ મળેલો અને ચિરાગે હપતો નાંખેલો. સ્થાયી મિલ્કત તથા સ્ટોક પત્રક ઉપર લોન મંજુર થાય છે. સ્થાયી મિલ્કત મોર્ગેજ કરવામાં આવે છે અને આ કાર્યવાહીની લોનની સિક્યુરીટી માટે કરવામાં આવે છે. મને એ વાતની ખબર નથી કે સિક્યુરીટી માટે લોન મેળવનાર વ્યકતી પાસેથી કોરા ચેક લેવામાં આવે કે કેમ. મને ફોજદારી અને સીવીલ કાર્યવાહી વચ્ચેની કાર્યવાહીનો તફાવત ખબર નથી. આ કામે આરોપીઓ સામે ફોજદારી તથા સીવીલ કાર્યવાહી કરવામાં આવેલ છે. સીવીલ દાવામાં શું થયું તેની મને ખબર નથી. એ વાતની મને ખબર નથી કે આરોપી નં.૧ નાએ તારીખ–૩૧/૦૮/૨૦૧૫ ના રોજ આરોપી નં.૨ રવજીભાઈ ભીખાભાઈ ઠુંમર તથા તેમનો પુત્ર ચિરાગ રવજીભાઈ ઠુંમર તથા બટુકભાઈ ઉકાભાઈ છાયાણી મીલમાં ચોરીછુપીથી રાત્રે મશીનરી,સામાનની ચોરી કરેલ છે અને આરોપી નં.૧ નાએ અરજીમાં જણાવ્યા મુજબ તારીખ–૨૮/૦૮/૨૦૧૫ ના રોજ જાણ કરેલી કે કેમ. મને એ વાતની ખબર નથી કે મશીનરી, સાધનસામ્રગી કોણ લઈ ગયેલ. અમો મીલે ગયા ત્યારે રવજીભાઈ અને ચિરાગભાઈ હાજર હતા ત્યારે ચિરાગે ડો.ચતુરભાઈ બાવીશી પૈસા મોકલાવે છે તેવી વાત કરેલી. અમે બે વખત મીલ ઉપર ગયા ત્યારે ચતુરભાઈ ત્યાં હાજર ન હતા. એ વાતની મને ખબર નથી કે હું સીસીના પૈસા કયારે અને કેવી રીતે ઉપડયા કે કેમ. એ વાતની મને ખબર નથી કે લોન મંજુર થયા પહેલા મશીનરી ખરીદ કરેલ કે કેમ.એ વાત ખરી નથી કે હું કહુ છું તેવી કોઈ બેંક સાથે છેતરપીંડી થયેલ નથી સીવીલ રાહે કાર્યવાહી કરી રીકવરીમાં ખુબ જ લાંબો સમય લાગે તેમ હોય હાલની ફરીયાદ ઝડપી રીકવરી માટે

ખોટી ઉભી કરી અમારા અધિકારી દ્વારા ખોટી ફરીયાદ આપવામાં આવેલ છે તેના સમર્થનમાં હું ખોટી જુબાની આપું છું."

(૧૫) ત્યારબાદ ફરિયાદપક્ષે આંક- ૮૩ થી સાહેદ પંકજાભઈ કનૈયાલાલ વસાણીનાઓને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, "બનાવ સમયે હું જસદણમાં આવેલ રાજકોટ નાગરીક સહકારી બેંકમાં ઓફીસર તરીકે હોદા ઉપર હતો જેમાં હું બેકીંગની કામગીરી કરતો હતો. બનાવ તારીખ-૧૫/૦૭/૨૦૧૫ ના રોજ બનેલો હતો. આ બનાવમાં અનુરાધા સ્પીનીંગ મીલ્સ પ્રા.લીમીટેડ કંપનીએ સ્પીનીંગ મીલ્સના ધંધાના હેતુ માટે રાજકોટ નાગરીક સહકારી બેક જસદણ શાખામાંથી જેમાં બે પ્રકારની લોનની માંગણી કરેલ હતી જેમાં (૧) દોઢ કરોડની મશીનરી માટે લોનની માંગણી કરેલ હતી તથા સીસી માટે અઢી કરોડની માંગણી કરેલ. તારીખ-૦૧/૦૯/૨૦૧૪ ના રોજ માંગણી કરેલ હતી અને તારીખ-૩૧/૧૦/૨૦૧૪ ના રોજ મંજુર થયેલી હતી. ત્યારબાદ આરોપીઓએ છ મહીના સુધી રેગ્યુલર લોનના હપ્તા ભરેલ હતા ત્યારબાદ તેઓ હપ્તા ભરતા ન હતા. ત્યારબાદ નેવું દિવસ દરમીયાન હપ્તા ન ભરે તો આરબીઆઈની ગાઈડલાઈન મુજબ એનપીએ કરવું પડે. તારીખ-૩૦/૦૬/૨૦૧૫ ના રોજ અનુરાધા સ્પીનીંગ મીલ્સ કંપનીના બન્ને બેંક ખાતા કંપનીના નિયમ મુજબ એનપીએ કરવામાં આવેલા હતા. ત્યારબાદ તારીખ-૧૫/૦૭/૨૦૧૫ ના રોજ એક સરફેસી એકટની નોટીસ આરોપીઓને આપેલ હતી જેમાં ૬૦ દિવસની અંદર લોનની રકમ ભરપાઈ કરી દેવાની જે અંગેની નોટીસ આપેલ હતી. ઓકટોબર,૨૦૧૫ ની સાલમાં અમો અનુરાધા સ્પીનીંગ મિલ્સમાં પંકજભાઈ તથા અમારી રીકવરીની ટીમ સ્થળ તપાસણી માટે ગયેલ હતી પરંતુ મીલમાં તાળા લગાવેલ હતા જેથી મેનેજર સાહેબે રવજીભાઈ તથા તેમના દિકરાને ફોન કરેલો. ફોન કરતા કોઈ આવેલ ન હતા અને

પંકજભાઈ તથા અમારી ટીમે મીલમાં જોયું તો મીલની અંદર કોઈ સાધન સામ્રગી કે ચીજવસ્તુઓ કે મશીનરી હતી નહી,મીલ ખાલી હતી. ત્યારબાદ બેંકની ટીમે ચર્ચા વિચારણા કર્યા બાદ આરોપીઓએ બેંક સાથે ચીટીંગ કર્યા અંગેની ફરીયાદ આપવાનું નકકી કરેલ. હાલની બનાવની ફરીયાદ બ્રાન્ચ મેનેજરે આપેલી હતી. તપાસ કરનાર અમલદારે મારી પુછપરછ કરેલી અને મારૂ નિવેદન નોંધેલું. આરોપીઓને હું ઓળખું છું. જે આજરોજ નામદાર અદાલતમાં હાજર નથી."

ત્યારબાદ આ સાહેદ તેઓની બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં જણાવે છે કે, "હું ગ્રેજયુએટ છું. હું છેલ્લા ૩૦ વર્ષથી રાજકોટ ઓફીસર તરીકે નોકરી કરૂ છું જેમાં પ્રથમ નોકરી કલાર્કથી ચાલુ કરેલી. એ વાત ખરી છે કે સામાન્ય રીતે લોન મેળવવા માટે અરજી કરેલ હોય ત્યારથી લોન મંજુર થાય ત્યાં સુધી સ્થળ,સ્થિતી અને લોન માટે ડોકયુમેન્ટના ચકાચણી બાદ લોન મંજુર થાય છે. એ વાત ખરી છે કે લોન મેળવનાર વ્યકિતઓએ અધુરી માહીતી હોય અથવા સ્થળ સ્થિતીમાં ફેરફાર હોય તો લોન નામંજુર કરવામાં આવે છે. લોન મંજુર કરનાર વ્યકિતનો વિભાગ આખો અલગ હોય છે કયાં પ્રકારે, કયારે કઈ રીતે, કઈ રીતે લોન મંજુર કરે તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે આ કેસમાં પણ કયારે,કઈ વ્યકિતએ લોન મેળવવા અરજી,કયા ડોક્યુમેન્ટ રજુ કરેલ તેની મને ખબર નથી. રીકવરી સ્ટાફ સાથે ગયેલ ત્યારે બે વખત સ્થળ ઉપર ગયેલો હતો ત્યારે મીલ ચાલુ હતું અને કહીએ એટલે હપ્તા ભરી જતા હતા. મીલ ચાલુ હતી ત્યારે રવજીભાઈનો પુત્ર ચિરાગ મળતો હતો. રીકવરી સ્ટાફ રીકવરી માટે ગયા ત્યારે ચિરાગ મળેલો અને ચિરાગે હપતો નાંખેલો. સ્થાયી મિલ્કત તથા સ્ટોક પત્રક ઉપર લોન મંજુર થાય છે. સ્થાયી મિલ્કત મોર્ગેજ કરવામાં આવે છે અને આ કાર્યવાહીની લોનની સિકયુરીટી માટે કરવામાં આવે છે. મને એ વાતની ખબર નથી કે સિકયુરીટી માટે લોન મેળવનાર વ્યકતી પાસેથી

કોરા ચેક લેવામાં આવે કે કેમ. હાલ લોન આપવામાં આવે તો ચેક લેવામાં આવે છે. મને ફોજદારી અને સીવીલ કાર્યવાહી વચ્ચેની કાર્યવાહીનો તફાવત ખબર નથી. આ કામે આરોપીઓ સામે ફોજદારી તથા સીવીલ કાર્યવાહી કરવામાં આવેલ છે. સીવીલ દાવામાં શું થયું તેની મને ખબર નથી. એ વાતની મને ખબર નથી કે આરોપી નં.૧ નાએ તારીખ–૩૧/૦૮/૨૦૧૫ ના રોજ આરોપી નં.૨ રવજીભાઈ ભીખાભાઈ ઠુંમર તથા તેમનો પુત્ર ચિરાગ રવજીભાઈ ઠુંમર તથા બટુકભાઈ ઉકાભાઈ છાયાણી મીલમાં ચોરીછુપીથી રાત્રે મશીનરી, સામાનની ચોરી કરેલ છે અને આરોપી નં.૧ નાએ અરજીમાં જણાવ્યા મુજબ તારીખ–૨૮/૦૮/૨૦૧૫ ના રોજ જાણ કરેલી કે કેમ. મને એ વાતની ખબર નથી કે મશીનરી, સાધનસામગ્રી કોણ લઈ ગયેલ. રીકવરી સ્ટાફ મીલે ગયા ત્યારે રવજીભાઈ અને ચિરાગભાઈ હાજર હતા ત્યારે ચિરાગે ડો.ચતુરભાઈ બાવીશી પૈસા મોકલાવે છે તેવી વાત કરેલી.રીકવરી સ્ટાફ બે વખત મીલ ઉપર ગયા ત્યારે ચતુરભાઈ ત્યાં હાજર ન હતા. એ વાતની મને ખબર નથી કે હું સીસીના પૈસા કયારે અને કેવી રીતે ઉપડયા કે કેમ. એ વાતની મને ખબર નથી કે લોન મંજુર થયા પહેલા મશીનરી ખરીદ કરેલ કે કેમ. એ વાત ખરી નથી કે હું કહુ છું તેવી કોઈ બેંક સાથે છેતરપીંડી થયેલ નથી સીવીલ રાહે કાર્યવાહી કરી રીકવરીમાં ખુબ જ લાંબો સમય લાગે તેમ હોય હાલની ફરીયાદ ઝડપી રીકવરી માટે ખોટી ઉભી કરી અમારા અધિકારી દ્રારા ખોટી ફરીયાદ આપવામાં આવેલ છે તેના સમર્થનમાં હું ખોટી જુબાની આપું છું.

**(૧૬)** ત્યારબાદ આ કામે આંક–૯૩ થી સાહેદ વિનોદભાઈ રામજીભાઈ વાણીયાનાઓને તપાસવામાં આવેલ છે તેઓ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, "તારીખ–૩૦/૦૩/૨૦૧૮ ના રોજ હું જસદણ પોલીસ સ્ટેશનમાં પી.આઈ. શ્રી તરીકે મારી ફરજ પર હાજર

હતો તે વખતે ફરીયાદી કિશોરસિંહ દોલતસિંહ ઝાલાનાઓએ અમારા રૂબરૂ આરોપીઓ રવજીભાઈ ભીખાભાઈ ઠુંમર,ચતુરભાઈ લાલજીભાઈ બાવીશી અમારા રૂબરૂની લખી લઈ જસદણ પોલીસ સ્ટેશન ફ. ગુ. ર. નં. ૧૬/૨૦૧૮ આઈ. પી. સી. કલમ – ૪૦૬, ૪૦૯, ૪૨૦, ૧૧૪ મુજબનો પી. એસ. ઓ. એ ગુન્હો રજીસ્ટર કરી ત્યારબાદ આગળની તપાસ પી.એસ.ઓ.દ્રારા અમોને ડેપ્યુટ કરતા અમોએ તપાસ સંભાળી લીધેલ. તપાસનો ડેપ્યુટ હુકમ હું આજરોજ રજુ કરૂ છું. જે પુરાવામાં રજુ રાખેલ છે. આ કામના ગુન્હાના કામના આરોપી ચતુરભાઈ લાલજીભાઈ બાવીશીને પંચ નં.(૧) દિપેનભાઈ ઠુંમર તથા (૨) રસીકભાઈ રમેશભાઈ વઘાસીયાનાઓની રૂબરૂ અટક પંચનામાની રૂએ અટક કરેલ. જે પંચનામું **આંક–૬૬** થી રજુ છે. ત્યારબાદ પંચો રૂબરૂ સ્થાનિક જગ્યાનું પંચનામું કરી પંચોના લખાવ્યા મુજબ વિગતવારનું પંચનામું લખી લઈ અને તેઓની તથા મારી સહી કરેલી જે સહીઓ હું ઓળખી બતાવું છું જે પંચનામું **આંક–૬૨** થી રજુ છે. ત્યારબાદ મારી બદલી થતા એલ.એલ.ભટ્ટ સાહેબને સોંપી આપેલ. આરોપીઓને હું ઓળખું છું. આરોપીઓ કોર્ટમાં હાજર નથી."ત્યારબાદ આ સાહેદ તેઓની બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં જણાવે છે કે, "એ વાત ખરી છે કે આ કામની ફરીયાદ બેંક દ્રારા બે આરોપીઓ વિરૂધ્ધ આપવામાં આવેલી. એ વાત ખરી છે કે આ કામે કોઈ મુદ્દામાલ કબ્જે કરેલ નથી. એ વાત ખરી છે કે હાલની ફરીયાદ બેંક દ્રારા લોન આપવામાં આપવામાં આવેલી અને સી.સી. આપવામાં આવેલી,લોન અને સી.સી.ની રકમ દ્રારા મશીનરી અને કાચો માલ ખરીદવા માટે આરોપીઓને લોન આપવામાં આવેલી. એ વાતની મને ખબર નથી કે આરોપી રવજીભાઈ ભીખાભાઈ ઠુંમરનાઓ વહીવટ કરતા હતા કે કેમ. ફરીયાદી તારીખ–૩૦/૦૩/૨૦૧૮ ના રોજ થયેલ અને આ ગુન્હો તારીખ–૨૫/૦૪/૨૦૧૬ ના પહેલા કોઈ પણ સમયે બનેલો છે. રેકર્ડ જોઈને કહુ છું કે આરોપી નં.(૧) ચતુરભાઈ લાલજીભાઈ દ્રારા પોલીસ સ્ટેશનમાં આરોપી નં.(૨)ના સ્થળ પરથી

મુદામાલ,કાચો માલ તથા મશીનરી સગેવગે કર્યા અંગે અરજી આવેલ હશે તેની મને ખબર નથી. હવે જણાવું છું કે આવી અરજી સને ૨૦૧૫ માં આવેલી પરંતુ અમો સને ૨૦૧૮ માં પોલીસ સ્ટેશનમાં ચાર્જ લીધેલ તે બાબતે મને ખબર નથી. રેકર્ડ જોઈને કહુ છું કે આરોપી નં.(૧) ચતુરભાઈ લાલજીભાઈ દ્વારા તારીખ–૩૦/૦૯/૨૦૧૫ ના રોજ અરજી આપવામાં આવેલ છે પરંતુ અમો સને ૨૦૧૮ માં પોલીસ સ્ટેશનમાં ચાર્જ લીધેલ તે બાબતે મને ખબર નથી. આ તારીખ–૩૦/૦૯/૨૦૧૫ ના રોજની અરજીમાં આરોપી રવજીભાઈ ભીખાભાઈ ઠુંમર તથા લાભુબેન રવજીભાઈ ઠુંમર તથા ચિરાગભાઈ રવજીભાઈ ઠુંમર તથા બટુકભાઈ ઉકાભાઈ ઠુંમર વિરૂધ્ધ આઈ.પી.સી. કલમ–૪૦૬, ૪૦૯, ૪૨૦, ૪૬૫, ૪૬૭ વિગેરે મુજબની ફરીયાદ આરોપી નં. (૧) ચતુરભાઈ લાલજીભાઈએ આપેલી છે. આ કામે મે બનાવવાળી સ્થાનિક જગ્યાનું પંચનામું કરેલું. તે સમયે ફરીયાદી અને બે પંચો હાજર હતા તે સિવાય બીજું કોઈ હાજર હતું નહી. ગુન્હાવાળી જગ્યાએની ચાવી ફરીયાદી પાસે હતી તેનાથી તાળું ખોલેલ અને પંચનામું કરેલું. એ બનાવ પહેલા મુદામાલનું શું થયેલ તેની મને ખબર નથી. મુદામાલ આ જગ્યા ઉપરથી કોણ લઈ ગયેલ તેની મને ખબર નથી. આ હકિકત તપાસમાં પણ ખુલેલ નથી. એ વાત ખરી નથી કે સ્થળ ઉપરથી ગુમ થયેલ મુદામાલ ચોરીનો બનાવ બનેલો. એ વાત ખરી નથી કે મારી તપાસમાં આરોપી નં.૨ રવજીભાઈ ભીખાભાઈ ઠુંમર વહીવટ કરતા હોવાનું માલુમ પડેલું છતા હું ખોટું જણાવું છું. એ વાત ખરી છે કે આરોપી નં.૧ ભાગીદારી પેઢી સાથે જોડાયેલ હોય તેથી આરોપી બનાવેલ છે. એ વાત ખરી છે કે આરોપી નં.૧ નાએ મુદામાલ સગેવગે કરેલ હોય કે નાશ કરેલ કે વેચાણ કરેલ મારી તપાસમાં ખુલવા પામેલ નથી. એ વાત ખરી છે કે મે ચાર્જશીટ કરેલ નથી. એ વાત ખરી છે કે આ કામે આરોપી નં.૧ ની અટક કરેલ છે."

(૧૭) ત્યારબાદ ફરિયાદપક્ષે આંક– ૧૦૦ થી સાહેદ તેજસ ચંદ્રકાંત વ્યાસ નાઓને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, "બનાવ સમયે હું જસદણમાં આવેલ રાજકોટ નાગરીક સહકારી બેંકમાં ડેપ્યુટી ચીફ મેનેજર તરીકે હોદા ઉપર હતો. જયારે હું ડેપ્યુટી ચીફ મેનેજર તરીકે ફરજ બજાવતો હતો ત્યારે મારા અંડરમાં ધોરાજી, જેતપુર, ઉપલેટા, જુનાગઢ અને જસદણની બ્રાન્ચો આવતી હતી. જે તે વખતે મારી ફરજમાં બેંકની વિઝીટ કરવાની તથા એક કરોડ કરતા વધારે રકમની લોન હોય તો મારે સ્થળ તપાસણી કરવાની તથા જે કંપની અથવા મિલમાં અમારી શાખાની લોન ચાલતી હોય તેની વિઝીટ કરી તેના સ્ટોકની તપાસણી કરવાની હતી. સને ૨૦૧૪ ની સાલમાં અનુરાધા સ્પ્રીનીંગ મિલમાં એક એપ્લીકેશન સીસી અને મશીનરી લોન માટે આવેલ હતી જેમાં સીસી(કેશ ક્રેડીટ) લોન અઢી કરોડની તથા મશીનરીની લોન દોઢ કરોડની હતી એમ કુલ ચાર કરોડ રૂપીયા લોનની માંગણી કરેલ હતી. સપ્ટેમ્બર–૨૦૧૪ માં સ્પ્રીનીંગ મિલમાં વિઝીટ કરવા માટે ગયેલ અને ત્યાં અમારે સ્થળ તપાસણી કરેલ અને સ્ટોક જોવામાં આવેલ હતો અને રીપોર્ટ કરવામાં આવેલ અને જે રીપોર્ટ તથા એપ્લીકેશન અમારે હેડ ઓફીસમાં જતા હોય છે. જે સ્થળ તપાસણી રીપોર્ટમાં પેઢીનું નામ અનુરાધા સ્પ્રીનીંગ મિલ તથા જોવા મળેલ સ્ટોક તથા તેની કિંમત તથા તેની વેલ્યુ જણાવેલી હોય છે અને જેમાં મુખ્ય બ્રાન્ચ મેનેજરની સહી તથા મારી સહી છે જે સહીઓ હું ઓળખી બતાવું છું જેની ઝેરોક્ષ નકલ રજુ છું. આ તબકકે આરોપી તર્ફે વિ.વ.શ્રી વાય.એલ.દલાલ સદરહું દસ્તાવેજો રજુ કરવા સામે વાંધો લઈ એવી રજુઆત કરેલ કે, રજુ થયેલ દસ્તાવેજો ઝેરોક્ષ કોપી છે,ફરીયાદીની ઓફીસમાંથી રજુ થયેલ છે અને મુળ દસ્તાવેજો સહજતાથી રજુ કરી શકાય તેમ ન હોય ત્યારે જ સેકન્ડરી પુરાવો રજુ કરી શકાય જેથી તેઓને આ દસ્તાવેજો રજુ કરવા સામે વાંધો

છે તેમજ અસલ દસ્તાવેજ ગુમ થયેલ કે નાશ થયેલ હોય તેવી હકિકત રેકર્ડ પર આવેલી ન હોય તે સંજોગોમાં ઝેરોક્ષ નકલ સામેલ રાખીને આંક પાડી શકાય નહી તેમજ આ દસ્તાવેજમાં સહી કરનાર બીજા સાહેદને પણ તપાસવાના બાકી હોય તે વખતે પણ અસલ દસ્તાવેજ રજુ કરી શકાય તેવી પરીસ્થિતી છે તેમ જણાવેલ છે."

ત્યારબાદ આ સાહેદ તેઓની બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં જણાવે છે કે, "હું બનાવ વખતે મારૂ હેડકવાટર ધોરાજી હતું અને ત્યાંથી પાંચ બ્રાન્ચોનું મોનટરીંગ કરતો હતો. મને જે તે બેંકમાંથી જાણ કરવામાં આવે તે સ્થળની તપાસ કરવા માટે મારે જવાનું હોય છે. લોન મેળવનાર ગ્રાહકની લોનની માંગણી માટેની અરજીની જે તે ઓફીસ દ્રારા ચકાસણી થયા બાદ ચાલુ લોનની પ્રોસીઝરે અમોને તપાસ કરવા માટે જાણ કરવામાં આવે. લોનની માંગણી અલગ અલગ પ્રકારની હોય છે જેમાં ઓઈલ મિલ,કોટન મિલ, આટા મિલ વિગેરે. જે વસ્તુની લોન મેળવવા માટે અરજી કરેલ હોય છે તેની કાચા મટીરીયલ્સની કિંમતની અમોને ખબર હોતી નથી. એ વાત ખરી છે કે અમારો રીપોર્ટ પોઝીટીવ આવે તો જ લોન આપવામાં આવે છે પરંતુ માત્ર અમારા રીપોર્ટના આધારે લોન આપવામાં આવતી નથી. તપાસના કામે અમારે બે વ્યકિતઓએ જ સાથે જવાનું હોય છે. બન્ને મંતવ્ય એક સરખું હોય તો જ રીપોર્ટ પોઝીટીવ આવે. અમોએ સ્થળ તપાસણી રીપોર્ટ સબમીટ કર્યા બાદ લોન મંજુર થાય કે નહી તે અમારે જોવાનું હોતું નથી. લોનની મંજુરી લોન માટેની તમામ પ્રક્રિયામાંથી લોન માંગનાર પસાર થાય પછી જ તેમને લોન મળે છે. લોન લીધા બાદ લોનવાળા સ્થળની વર્ષમાં એક વખત કોઈપણ સમયે ઓચીંતી મુલાકાત લેવાની હોય છે. અમો આ સ્થળની મુલાકાતે સપ્ટેમ્બર–૨૦૧૪ માં તથા માર્ચ–૨૦૧૫ માં મુલાકાત લીધેલ હતી. જે તે સમયે બધો માલ મટીરીયલ્સ બરાબર હતું. અમોએ બે વખત મુલાકાત લીધેલ ત્યારે સ્થળ પર કોણ માલીક હાજર હતા તે હાલ મને યાદ નથી. મારે

સ્થળની જ મુલાકાત લેવાની હોય છે પરંતુ વ્યકિતની મુલાકાત લેવાની હોતી નથી. ૨૦૧૫ પછી મે બનાવવાળા સ્થળની કયારેય મુલાકાત લીધેલ નથી.એ વાત ખરી છે કે લોન ભરવામાં કોઈ અસમર્થ અથવા કસુર થયેલ હોય તો તેની સામે રીકવરી માટે સીવીલ દાવો કરવામાં આવે છે. એ વાતની મને ખબર નથી કે આ કામે સીવીલ દાવો કરવામાં આવેલ છે કે કેમ. મને આંક–૧૦૧ વાળો દસ્તાવેજ બતાવવામાં આવે છે તેમાં કોઈ આરોપી હાજર હોય તેની વિગત દર્શાવેલ નથી તથા આંક–૧૦૨ વાળા દસ્તાવેજમાં હાજર રહેલ ઠુંમર રવજીભાઈ ભીમાભાઈનાઓનું નામ લખેલ છે. એ વાત ખરી છે કે આ ઠુંમર રવજીભાઈ ભીમાભાઈનાઓ અનુરાધા સ્પ્રીનીંગ મિલનો વહીવટ કરતા હતા. મને આંક–૧૦૧ વાળો દસ્તાવેજ બતાવવામાં આવે છે તેમાં કોટન વેસ્ટની કિંમત ૧,૩૪,૩૫,૮૮૪/– બતાવેલ છે. એ વાત ખરી છે કે આંક – ૧૦૧ વાળા દસ્તાવેજમાં કોટન વેસ્ટનું વજન કેટલું હતું, શું કિંમત હતી તે દર્શાવેલ નથી. મને આંક – ૧૦૧ વાળો દસ્તાવેજ બતાવવામાં આવે છે તેમાં કોટન પાનની કિંમત ૯૩,૧૨,૭૯૨/– બતાવેલ છે. મને આંક – ૧૦૧ વાળો દસ્તાવેજ બતાવવામાં આવે છે તેમાં ડ્રોપીંગની કિંમત ૬૯,૯૭,૪૩૯/–બતાવેલ છે તે રીતે જ અન્ય વસ્તુની કિંમત ૫,૦૦,૨૨૦ બતાવેલ છે અને અન્ય વસ્તુની કોઈ વિગત નથી. મને આંક – ૧૦૨ વાળો દસ્તાવેજ બતાવવામાં આવે છે કોટન વેસ્ટ, કોટન પાન, ડ્રોપીંગ, વિગેરે વસ્તુઓની કિંમત ૨,૫૦,૦૦,૦૦૦/– જેમાં કઈ વસ્તુ કેટલા પ્રમાણમાં શું કિંમતની અન્ય કઈ કઈ વસ્તુની વિગત જણાવેલ નથી. એ વાત ખરી છે કે આ બે મુલાકાત બાદ શું કાર્યવાહી થયેલ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે પોલીસ મારૂ નિવેદન લેવા માટે આવેલ ત્યારે બનાવની જાણ થયેલી. એ વાત ખરી છે કે લોનવાળી મિલ્કતની એક સ્થળેથી બીજા સ્થળે કોણ લઈ ગયેલ અને કોણે વેચાણ કરેલ કે કોણે સગેવગે કરેલ તેની કોઈ માહીતી મને મળેલ નહી કે મે લખાવેલ નથી. એ વાત ખરી છે

કે પોલીસે માત્ર મારૂ નામ,સરનામું અને હોદો પુછેલો અને કેટલી વખત સ્થળની મુલાકાત લીધેલ તે વિગત પુછેલ તે સિવાય બીજું કઈ પુછેલ નહી અને મે લખાવેલ નહી. એ વાત ખરી નથી કે હું કહુ છું તેવી કોઈ બેંક સાથે છેતરપીંડી થયેલ નથી સીવીલ રાહે કાર્યવાહી કરી રીકવરીમાં ખુબ જ લાંબો સમય લાગે તેમ હોય હાલની ફરીયાદ ઝડપી રીકવરી માટે ખોટી ઉભી કરી અમારા અધિકારી દ્વારા ખોટી ફરીયાદ આપવામાં આવેલ છે તેના સમર્થનમાં હું ખોટી જુબાની આપું છું.સામે પક્ષે ફરીયાદી તર્ફે વિ.એપીપીશ્રી દ્વારા એવી રજુઆત છે કે, સદરહું દસ્તાવેજોમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે અને રીપોર્ટ તૈયાર બીજા વ્યકિતની સહી ઓળખી બતાવે છે જેથી સદરહું દસ્તાવેજ ઝેરોક્ષ હોવા છતા કામમાં રજુ રાખી આંક આપવો જોઈએ. આ સંજોગોમાં બન્ને પક્ષે રજુઆતો સાંભળ્યા બાદ નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો બીપીનભાઈ શાંતિલાલ પંચાલ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત કે જે એઆઈઆર–૨૦૦૧ માં પ્રસિધ્ધ થયેલ છે તેમાં હાલની પરીસ્થિતીમાં કેવી કાર્યવાહી કરવી તે જણાવવામાં આવેલ છે તે ધ્યાને લેતા એવું ઠરાવવામાં આવે છે કે દસ્તાવેજો અંગેના વાંધોઓ જયારે ક્રિમીનલ ટ્રાયલમાં ઉભા થાય ત્યારે તે જ કારણસર તે જ કારણસર ટ્રાયલને વિલંબીત કરવી નહી પરંતુ આવા દસ્તાવેજોને આરોપીઓના વાંધા સાથે તથા પુરવાર કરવારની શરતે રેકર્ડ પર લેવા જોઈએ તે સંજોગોમાં ફરીયાદ પક્ષે રજુ કરવામાં આવેલ હાલનો દસ્તાવેજ આરોપી તર્ફેના વાંધા સાથે અને પુરવાર કરવાની શરતે તેમજ અસલ રજુ ન થઈ શકે તે હકિકત પણ પુરવાર કરવાની શરતે આ કામે રજુ રાખી તેને **<u>ટેન્ટેટીવ આંક–૧૦૧ અને ૧૦૨</u>** આપવામાં આવે છે. સને ૨૦૧૫ ની સાલમાં રાજકોટ નાગરીક સહકારી બેંકમાં પૈસા જમા થતા હતા પરંતુ જુન–૨૦૧૫ થી ખાતામાં પૈસા જમા થતા ન હતા. અનુરાધા સ્પ્રીનીંગ મિલના જે પાર્ટનરો હતા તેઓએ મશીનરી તથા માલનો સ્ટોક વેચી નાંખેલ જેથી અનુરાધા સ્પીનીંગ મિલના પાર્ટનરોએ બેંક સાથે ઉચાપત તથા

વિશ્વાસઘાત કરેલો. કુલ ચાર કરોડ ની ઉંચાપત કરેલ હતી. હાલની બનાવની ફરીયાદ બ્રાન્ચના હેડ ઓફીસરે આપેલ હતી. આ બનાવ બાબતે પોલીસે મારી પુછપરછ કરી અને મારૂ નિવેદન નોંધેલ. આરોપીઓને હું ઓળખી શકું નહી.જે આજરોજ નામદાર અદાલતમાં હાજર નથી."

(૧૮) ત્યારબાદ ફરિયાદપક્ષે આંક – ૧૦૩ થી સાહેદ રતીલાલ બાબુલાલ ગણાત્રાનાઓને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, "બનાવ સમયે હું જસદણમાં આવેલ રાજકોટ નાગરીક સહકારી બેંકમાં રીકવરી ડિપોર્ટમેન્ટમાં રીકવરી ડેપ્યુટી ચીફ મેનેજર તરીકે હોદા ઉપર હતો. જયારે હું રીકવરી ડેપ્યુટી ચીફ મેનેજર તરીકે ફરજ બજાવતો હતો ત્યારે મારા અંડરમાં ધોરાજી, જેતપુર, ઉપલેટા, જુનાગઢ અને જસદણની બ્રાન્ચો આવતી હતી. જે તે વખતે મારી ફરજમાં રાજકોટ નાગરીક સહકારી બેક પાસેથી લીધેલ લોનના નાણાની સમયમર્યાદામાં ભરપાઈ ન કરે તો તેના ખાતા એનપીએ થઈ ગયેલાના ત્રણ માસ પછી તેની મોર્ગેજ કરેલ મિલ્કત રીકવરી કરવાની પ્રોસીઝર કરવાની હોય છે. આરોપીએ હાલના કેસમાં પૈસા ભરેલ નહી જેથી તેને ૬૦ દિવસની નોટીસ આપેલ અને તે દરમીયાન આરોપીએ લોનના પૈસા ભરેલ ન હોવાથી જેથી અમોએ તેને જણાવેલ કે અમો ૧૫ દિવસમાં મિલ્કતનો કબ્જો લેવા આવીશું. ત્યારબાદ અમો ૧૫ દિવસ બાદ કબ્જો લેવા ગયા ત્યારે ત્યાં કોઈ હાજર ન હોવાથી તેની મિલ્કત ઉપર સિમ્બોલીંક કબ્જા અંગેની નોટીસ ચોટાડેલ. ત્યારબાદ સિમ્બોલીંક કબ્જા અંગેની નોટીસ ગુજરાતી અને અંગ્રેજીમાં વર્તમાનપત્રમાં સિમ્બોલીંક કબ્જા અંગેની નોટીસની જાહેર પ્રસિધ્ધી કરીએ છીએ. ત્યારબાદ કલેકટરશ્રીએ અમોને આરોપીઓની મિલ્કતનો કબ્જો સોંપી આપવા માટે હુકમ કરી આપેલ. ત્યારબાદ મામલતદારશ્રીએ કબ્જો લઈને અમોને સોંપી આપેલ. જે દાવાવાળી

મિલ્કત કબ્જે લેવા અંગેનું પંચનામું કરેલ તેમાં મારી સહી છે જે હું ઓળખી બતાવું છું તે દસ્તાવેજ  હું આજરોજ રજુ કરૂ છું. જેની સામે આરોપીને સદરહું દસ્તાવેજ ખરીનકલ હોય તે રજુ થવા સામે  સામે વાંધો હોય જેથી સદરહું દસ્તાવેજને આરોપીના વાંધા સાથે  અને પુરવાર કરવાની શરતે આ કામે  પુરાવામાં રજુ **<u>દા.આંક–૧૦૪</u>** બનાવમાં અમો જે જગ્યાએ ગયેલ ત્યાં માલ સ્ટોક કે મશીનરી ન હતી. બનાવમાં અનુરાધા સ્પ્રીનીંગ મિલના  જે પાર્ટનરો રવજીભાઈ ઠુંમર અને ચતુરભાઈ બાવીશીએ તેઓએ મશીનરી તથા માલનો સ્ટોક કોઈ સગેવગે કે અથવા વેચી દિધેલ હોય તેવું જાણવા મળેલ.આમ કરી આરોપીઓએ બેંક સાથે છેતરપીંડી કરેલ. હાલની બનાવની ફરીયાદ બ્રાન્ચના કે.ડી.ઝાલા જેઓ હેડ ઓફીસરે આપેલ હતી. આ બનાવ બાબતે પોલીસે મારી પુછપરછ કરી અને મારૂ નિવેદન નોંધેલ. આરોપીઓને હું ઓળખી શકું નહી.જે આજરોજ નામદાર અદાલતમાં હાજર નથી. આપવામાં આવે છે. આ પંચનામું અમારી બેંકમાં રજુ કરેલ. બનાવમાં અમો જે જગ્યાએ ગયેલ ત્યાં માલ સ્ટોક કે મશીનરી ન હતી. બનાવમાં અનુરાધા સ્પ્રીનીંગ મિલના જે પાર્ટનરો રવજીભાઈ ઠુંમર અને ચતુરભાઈ બાવીશીએ તેઓએ મશીનરી તથા માલનો સ્ટોક કોઈ સગેવગે કે અથવા વેચી દિધેલ હોય તેવું જાણવા મળેલ.આમ કરી આરોપીઓએ બેંક સાથે છેતરપીંડી કરેલ. હાલની બનાવની ફરીયાદ બ્રાન્ચના કે.ડી.ઝાલા જેઓ હેડ ઓફીસરે આપેલ હતી. આ બનાવ બાબતે પોલીસે મારી પુછપરછ કરી અને મારૂ નિવેદન નોંધેલ. આરોપીઓને હું ઓળખી શકું નહી.જે આજરોજ નામદાર અદાલતમાં હાજર નથી."

ત્યારબાદ આ સાહેદ તેઓની બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં જણાવે છે કે, "હું જસદણ બ્રાન્ચમાં ફરજ બજાવતો ન હતો. મારી કામગીરી માત્ર રીકવરીની હતી. મને એ વાતનો ખ્યાલ નથી કે લોન લેનાર વ્યકિત લોનની રકમ ભરવામાં અસમર્થ કે કસુરવાર અન્ય રીતે કોઈ લોનની રકમ ન ભરે તો તેની સામે સીવીલ કોર્ટમાં

રીકવરી માટે દાવો દાખલ થાય કે કેમ. સાહેદ જણાવે છે કે સરફેસી કાયદા મુજબ બેંકોને સત્તા આપેલ છે જેમાં મોર્ગેજ કરેલ મિલ્કતનો કબ્જો લેવાની કામગીરી હોય છે. લોનના ત્રણ હપ્તા ન ભરાય તો ખાતુ એનપીએ થાય અને સરફેસી એકટ મુજબની કાર્યવાહી કરી શકાય. મને એ વાતની ખબર નથી કે આરોપીએ બેંકમાં છેલ્લે કયારે હપ્તો ભરાયેલ. અમોએ આરોપીની મિલ્કતનો સિમ્બોલીંક કબ્જા અંગેની નોટીસ ચોડી કબ્જો લીધેલ તે તારીખ યાદ નથી. રેકર્ડ જોઈને જણાવી શકું. હવે જણાવું છું કે સને ૨૦૧૫ માં સિમ્બોલીંક કબ્જા નોટીસ આપવામાં આવેલી. કલેકટરશ્રીનો સરફેસીનો હુકમ કયારે આવેલ તે તારીખ મને યાદ નથી. અમે આરોપીની મિલ્કતનો કબ્જો પ્રથમ સિમ્બોલીંક અને બીજો સરફેસી એકટ મુજબ એમ બે વાર કબ્જો લીધેલ. મિલ્કતનો કબ્જો લીધા પછી મિલ્કત અમારા કબ્જામાં આવી જાય. એ વાત ખરી છે કે સરફેસી મિલ્કતનો કબ્જો મેળવ્યા બાદ જરૂર જણાય તો ચોકીદારની નિમણુંક કરીએ છીએ. હું રવજીભાઈ ઠુંમરને ઓળખતો નથી. એ વાતની મને ખબર નથી કે આ કામે આરોપી નં.૨ રવજીભાઈ ઠુંમર લોનવાળી મિલ્કતની હેરાફેરી કરી રહયા હોય,સગેવગે કરી રહયા હોય તેની જાણ આરોપી નં.૧ ના ચતુરભાઈ લાલજીભાઈ બાવીશીએ અમારી બેંકને લેખીતમાં જાણ કરેલી કે કેમ. એ વાત ખરી છે કે આરોપીઓ બન્ને સરકારી નોકર ન હતા. એ વાત ખરી છે કે આરોપીઓની ફેકટરીમાં શું મિલ્કત હતી અને તે મિલ્કત કોણે સગેવગે કરેલ તે હું કહી શકું નહી. સાહેદ જણાવે છે કે જે મિલ્કત મળી આવેલ તે મામલતદાર સાહેબે જણાવેલ છે. એ વાત ખરી નથી કે હું કહુ છું તેવી કોઈ બેંક સાથે છેતરપીંડી થયેલ નથી સીવીલ રાહે કાર્યવાહી કરી રીકવરીમાં ખુબ જ લાંબો સમય લાગે તેમ હોય હાલની ફરીયાદ ઝડપી રીકવરી માટે ખોટી ઉભી કરી અમારા અધિકારી દ્વારા ખોટી ફરીયાદ આપવામાં આવેલ છે તેના સમર્થનમાં હું ખોટી જુબાની આપું છું."

(૧૯) ત્યારબાદ ફરિયાદપક્ષે આંક– ૧૧૩ થી સાહેદ શનીભાઈ નારણભાઈ બોરડ નાઓને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, ”બનાવ સમયે હું જસદણમાં આવેલ રાજકોટ નાગરીક સહકારી બેંકમાં સીનીયર એકઝીકયુટીવના હોદા ઉપર હતો જેમાં મારે નાની લોનમાં મારે સહી કરવાની હતી. બનાવ તારીખ– ૩૦/૦૬/૨૦૧૪ ના રોજ બનેલો હતો. બનાવમાં ચતુરભાઈ બાવીશી તથા બીજા ઠુંમરભાઈએ નાગરીક સહકારી બેંકમાંથી દોઢ કરોડની મશીનરી લોન અને અઢી કરોડની સીસી લોન લીધી હતી. જે લોન સ્પીનીંગ મીલ્સ માટે લીધેલ હતી. તારીખ–૩૦/૦૬/૨૦૧૫ ના રોજ એનપીએ થઈ ગયેલી. હાલના કામના આરોપીઓએ લોન લીધેલ હતી જે ભરપાઈ કરતા ન હતા જેથી ખાતુ એનપીએ થઈ ગયેલું. હાલના આરોપીઓએ બેંક સાથે છેતરપીંડી તથા વિશ્વાસઘાત કરેલો હતો. હાલના આરોપીઓએ ચાર કરોડનું ફ્રોડ કરેલું હતું. તપાસ કરનાર અમલદારે મારી પુછપરછ કરેલી અને મારૂ નિવેદન નોંધેલું. આરોપીઓને હું ઓળખું છું. જે આજરોજ નામદાર અદાલતમાં હાજર નથી."

ત્યારબાદ આ સાહેદ તેઓની બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં જણાવે છે કે, "હું લોન વિભાગ સિવાય બેંકની અન્ય કોઈ કામગીરી કરતો ન હતો. એ વાત ખરી છે કે સામાન્ય રીતે લોન મેળવવા માટે અરજી કરેલ હોય ત્યારથી લોન મંજુર થાય ત્યાં સુધી સ્થળ,સ્થિતી અને લોન માટે ડોકયુમેન્ટના ચકાચણી બાદ લોન મંજુર થાય છે. એ વાત ખરી છે કે લોન મેળવનાર વ્યકિતઓએ અધુરી માહીતી હોય અથવા સ્થળ સ્થિતીમાં ફેરફાર હોય તો લોન નામંજુર કરવામાં આવે છે. એ વાત ખરી છે કે લોન મંજુર થયા બાદ નોકરી છોડી દિધેલ હોય તેથી બનાવમાં શું બનેલ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે પોલીસે મારૂ નામ, સરનામું પુછેલ તે સિવાય બીજું કંઈ પુછેલ

નહી. મે બેંકમાં છ વર્ષ નોકરી કરેલ છે. બેંકમાં કોઈ લોનના ત્રણ હપ્તા ભરવામાં નિષ્ફળ જાય તો એનપીએની કાર્યવાહી ચાલુ થાય છે. એનપીએ થયા જે તે લોન ધારકની મિલ્કતમાંથી હરાજી કરી લોનની રકમ મંજુર કરવામાં આવે છે અને આ બધી કાર્યવાહી સીવીલ કોર્ટમાં દાવો દાખલ થયા બાદ થઈ શકે. એ વાત ખરી નથી કે હું કહુ છું તેવી કોઈ બેંક સાથે છેતરપીંડી થયેલ નથી સીવીલ રાહે કાર્યવાહી કરી રીકવરીમાં ખુબ જ લાંબો સમય લાગે તેમ હોય હાલની ફરીયાદ ઝડપી રીકવરી માટે ખોટી ઉભી કરી અમારા અધિકારી દ્વારા ખોટી ફરીયાદ આપવામાં આવેલ છે તેના સમર્થનમાં હું ખોટી જુબાની આપું છું."

(૨૦) ત્યારબાદ ફરિયાદપક્ષે આંક – ૧૧૨ થી ત. ક. અ. શ્રી લાભશંકર લક્ષ્મીશંકર ભટ્ટ નાઓને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, "બનાવ સને ૨૦૧૮ ની સાલમાં બનેલો હતો. બનાવ સમયે અમો જસદણ પોલીસ સ્ટેશનમાં ઈન્ચાર્જ પીઆઈ તરીકે મારી ફરજ પર હાજર હતો ત્યારે જસદણ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ. ર. નં. ૧૬/૨૦૧૮ આઈ. પી. સી. કલમ – ૪૦૬, ૪૦૯, ૪૨૦, ૧૧૪ મુજબ આરોપીઓ વિરૂધ્ધ ગુન્હો રજીસ્ટર થયેલ. ત્યારબાદ આગળની તપાસ પી. આઈ. શ્રી વી. આર. વાણીયાનાઓને સોંપવામાં આવેલ. ત્યારબાદ વી.આર.વાણીયા પાસેથી અમોને તપાસ સોપેલ. ત્યારબાદ તપાસના કામે અમોએ પંચો રૂબરૂ પંચોના લખાવ્યા મુજબ અટક પંચનામું લખેલ.ત્યારબાદ પંચોની સહી તથા અમોએ સહી કરેલ જે સહી હું ઓળખી બતાવું છું. જે સદર કામે આંક–૬૯ થી રજુ છે. ત્યારબાદ સદર કામે આરોપી રવજીભાઈ ભીખાભાઈ ઠુંમરનું નિવેદન નોંધેલ."

ત્યારબાદ આ સાહેદ તેઓની બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં જણાવે છે કે, "એ વાત ખરી છે કે આરોપી નં.૨ ની અટક કરેલ અને તેનું નિવેદન નોંધેલ તે સિવાય અન્ય કોઈ કામગીરી

કરેલ નથી. એ વાત ખરી છે કે રવજીભાઈએ પોતાના નિવેદનમાં એવું લખાવેલ છે કે, "ચોમાસું નજીક આવવામાં હોય અને અમારા સ્પીનીંગ મિલ્સમાં વરસાદનું પાણી નિકળતું હોય અને કારખાનું બંધ હોય જેથી અમારા સ્પીનીંગ મીલની મશીનરી નુકશાન થાય તેમ હોય જેથી મે અમારી અનુરાધા સ્પીનીંગ મીલની મશીનરી ત્યાંથી લઈ મારા જસદણ વિંછીયા રોડ પર આવેલ મારા ગાયત્રી કોટનમાં રાખેલ હતી"

(૨૧) ત્યારબાદ ફરિયાદપક્ષે આંક – ૧૧૭ થી દા. ક. અ. શ્રી મનુભાઈ કરશનભાઈ વણોલ નાઓને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, "તારીખ – ૩૦/૦૩/૨૦૧૮ ના રોજ જસદણ પોલીસ સ્ટેશનમાં એએસઆઈશ્રી તરીકે મારી ફરજ પર હાજર હતો ત્યારે જસદણ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ. ૨. નં. ૧૬/૨૦૧૮ આઈ. પી. સી. કલમ – ૪૦૬, ૪૦૯, ૪૨૦, ૧૧૪ મુજબની આ કામના આરોપીઓએ અનુરાધા સ્પીનીંગ મિલના ડાયરેકટરો હોય તેઓએ રાજકોટ નાગરીક સહકારી બેંક જસદણ શાખાને વિશ્વાસમાં લઈ નાગરીક સહકારી બેંક જસદણ શાખામાંથી સ્પીનીંગ મિલની મશીનરી માટે રૂપીયા એક કરોડ પચ્ચાસ લાખની લોન તથા માલના સ્ટોક પર બે કરોડ પચ્ચાસ લાખની સીસી મેળવી લોન તથા સીસીના હપ્તા તથા વ્યાજ નહી ભરતા તથા મિલમાં કપાસના રૂના કાચા પાકા માલનો સ્ટોક બેંકની સંમતી વગર બારોબાર વેચી નાંખેલ. બેંક તરફથી આપેલ લોન તથા સીસીની રકમ નહી ભરી રાજકોટ નાગરીક સહકારી બેંક જસદણ શાખા સાથે રૂપીયા ચાર કરોડની ઠગાઈ કરી વિશ્વાસઘાત કરી ગુન્હામાં એકબીજાની મદદગારી કરી ગુન્હો કરેલ જે અંગેની ફરીયાદ બેંક મેનેજર કિશોરસિંહ દોલતસિંહ ઝાલાએ જસદણ પોલીસ સ્ટેશનમાં પી.આઈશ્રી વી.આર.વાણીયાની રૂબરૂ આપેલી જે મે દાખલ કરેલ. જે ફરીયાદ આંક–૧૦૮ થી રજુ છે."

ત્યારબાદ આ સાહેદ તેઓની બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં

જણાવે છે કે, "એ વાત ખરી છે કે ફરીયાદ દાખલ કર્યા અન્ય કોઈ કામગીરી કરેલ નથી."

**(૨૨)** ત્યારબાદ ફરિયાદપક્ષે આંક– ૧૩૨ થી ત. ક. અ. શ્રી હરેશભાઈ ગોવિદભાઈ પલ્લાચાર્ય નાઓને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, "બનાવ સને ૨૦૧૮ ની સાલમાં બનેલો હતો. બનાવ સમયે અમો જસદણ પોલીસ સ્ટેશનમાં ઈન્ચાર્જ પીઆઈ તરીકે મારી ફરજ પર હાજર હતો ત્યારે જસદણ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૬/૨૦૧૮ આઈ. પી. સી. કલમ – ૪૦૬, ૪૦૯, ૪૨૦, ૧૧૪ મુજબ આરોપીઓ વિરૂધ્ધ ગુન્હો રજીસ્ટર થયેલ. ત્યારબાદ આગળની તપાસ પી. આઈ શ્રી વી. આર. વાણીયાનાઓને સોંપવામાં આવેલ. ત્યારબાદ વી. આર. વાણીયા પાસેથી અમોને તપાસ સોપેલ. ત્યારબાદ આગળની તપાસ અમોને સોંપતા તપાસ સંભાળી લીધેલ. ત્યારબાદ તપાસના કામે અમોએ નામદાર હાઈકોર્ટમાં આ કામના ફરીયાદીએ આરોપીઓના જામીન રદ કરવા સારૂ અરજી કરેલ જે કામે અમોએ નામદાર હાઈકોર્ટમાં અસલ કેશ કાગળો સાથે હાજર હોય જેથી સરકારી વાહન સાથે હાઈકોર્ટમાં જવા મંજુરી મેળવવા માટે પોલીસ અધિક્ષક સાહેબશ્રી રાજકોટ ગ્રામ્યને ઈ–મેઈલ કરેલ. ત્યારબાદ તપાસના કામે અમોએ પંચો રૂબરૂ પંચોના લખાવ્યા મુજબ પંચનામું લખી ત્યારબાદ પંચોએ સહી કરેલ ત્યારબાદ અમોએ સહી કરેલ છે જે પંચનામું આજરોજ રજુ કરૂ છું. જે પુરાવામાં રજુ **દા.આંક.૧૩૩** આપવામાં આવે છે. તપાસના કામે અમોએ રાજકોટ નાગરીક બેંકના સ્ટેટમેન્ટની નકલ મેળવેલ છે. જે આજરોજ રજુ કરૂ છું. જે પુરાવામાં રજુ **દા.આંક.૧૩૪** આપવામાં આવે છે. તપાસના કામે ઈકવીટેબલ રજીસ્ટ્રેશન મેળવેલ જે સદર કામે રજુ કરૂ છું. જે પુરાવામાં રજુ **દા.આંક.૧૩૫** આપવામાં આવે છે. તપાસના કામે રાજકોટ સહકારી બેંક લીમીટેડના ધીરાણ એપ્રીજલ રીપોર્ટ રજુ **દા.આંક.૧૩૬** આપવામાં

આવે છે. તપાસના કામે મેમોરેન્ડમ એન્ડ આર્ટીકલ ઓફ એશોશીએન ઓફ અનુરાધા સ્પ્રીનીંગ લીમીટેડના બંધારણ રજુ કરૂ છું. જે પુરાવામાં રજુ **દા.આંક.૧૩૭** આપવામાં આવે છે. ત્યારબાદ તપાસના કામે રાજકોટ નાગરીક સહકારી બેંક તરફથી રવજીભાઈ ઠુંમરને આપેલ પત્ર સદર કામે રજુ રાખેલ છે. ત્યારબાદ લાગતા વળગતા સાહેદોના નિવેદન લઈ આરોપીઓ સામે પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ છે."

ત્યારબાદ આ સાહેદ તેઓની બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં જણાવે છે કે, "એ વાત ખરી છે કે આ કામે આરોપીઓ સરકારી કર્મચારીઓ નથી. એ વાત ખરી નથી કે આરોપીઓએ ઉંચાપતનો ગુન્હો કરેલ નથી. એ વાત ખરી છે કે આરોપીએ કાયદેસર કાર્યવાહી કરી લોન મેળવેલ. એ વાત ખરી છે કે બનાવ બન્યા બાદ ગુન્હો બે વર્ષ બાદ નોંધાયેલ. એ વાત ખરી છે કે બેંકના કર્મચારીઓ બનાવવાળી જગ્યાએ ગયા ત્યારે બનાવવાળી જગ્યા બંધ હાલતમાં હતી. આરોપીઓએ મિલમાં ચોરી થઈ ગયા અગેમની ફરીયાદ કરેલી અને તેના કાગળો રજુ કરેલા. એ વાત ખરી છે કે આરોપી નં.૧ નાએ આરોપી નં.૨ તથા અન્ય સામે ચીંટીગ તથા ઉંચાપત તથા ખોટા દસ્તાવેજો બનાવવા અંગે ફરીયાદ કરેલી. એ વાત ખરી છે કે આરોપી નં.૧ નાએ ફરીયાદના અનુસંધાને આરોપી નં.૨ તથા અન્યના નિવેદનો મે લીધેલા અને તે નિવેદનો મુજબ મીલની જગ્યાએથી મશીનરી કાળાસર ગામે ફેરવેલ હોવાની વિગતો જણાવેલ છે. આ મશીનરી ફેરવવા માટે આરોપી નં.૧ જવાબદાર નથી. એ વાત ખરી છે કે મે તપાસના કામે કાળાસર ગોડાઉનની તપાસ કરેલ નહી. એ વાત ખરી છે કે કાળાસરથી મુદામાલ કયા સગેવગે થયેલ તે તપાસમાં ખુલેલ નહી. એ વાત ખરી છે કે આ કામે મુદામાલ કબ્જે થયેલ નથી. એ વાત ખરી છે કે મીલનો વહીવટ આરોપી નં.૨ રવજીભાઈ કરતા હતા. એ વાત ખરી નથી કે આરોપી સામે પુરતો પુરાવો ન હોવા છતા તથા આરોપીઓએ

ઉંચાપત કરેલ ન હોવા છતા ખોટી તપાસ કરી ખોટું ચાર્જશીટ રજુ કરેલ છે."

## <u>ઉપસંહાર</u>

**(૨૩)** ઉપરોકત તમામ હકીકતે પડેલ પુરાવાને ઘ્યાને લેતાં આ કામના આરોપીઓને ઈ.પી.કો.કલમ–૪૦૯, મુજબનાં ગુનામાં તકસીરવાન ઠરાવી શકાય તેટલો પુરાવો આ સાહેદોની જુબાનીથી રેકર્ડપર આવવા પામતો નથી. વધુમાં, આ કામના આરોપીઓ સામે ઈ.પી.કો.કલમ–૪૦૯ મુજબનું તહોમત છે તે મુજબના ગુન્હાહિત વિશ્વાસઘાતના ગુના અંગેના આવશ્યક શરતો જોવામાં આવે તો નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદા **અરુણ ભંડારી** વિરુઘ્ઘ **સ્ટેટ ઓફ યુ.પી.** કે જે **૨૦૧૩ વોલ્યુમ(૧) ક્રિમીનલ કોર્ટ કેસીસ પાના નં. ૬૧૬** ના પેરા ૨૧ તથા ૨૨ મા જણાવ્યા મુજબ નીચે મુજબ છે.

> <u>21. In S.N.Palanitkar and others v. State of Bihar and another AIR 2001 SC 2960, it has been laid down that in order to constitute an offense of cheating, the intention to deceive should be in existence at the time when the inducement was made. It is necessary to show that a person had fraudulent or dishonest intention at the time of making the promise, to say that he committed an act of cheating. A mere failure to keep up promise subsequently cannot be presumed as an act leading to cheating.</u>
>
> 22. In the said case while dealing with the ingredients of criminal breach of trust and cheating, the Bench observed thus:-
>
> > “9. The ingredients in order to constitute a criminal breach of trust are:

(i) entrusting a person with property or with any dominion over property
(ii) that person entrusted
(a) dishonestly misappropriating or converting that property to his own use; or
(b) dishonestly using or disposing of that property or willfully suffering any other person so to do in violation
(i) of any direction of law prescribing the mode in which such trust is to be discharged,
(ii) of any legal contract made, touching the discharge of such trust."

આમ, ઉપરોકત નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાને ધ્યાને રાખીએ તો આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો કલમ–૪૦૯ મુજબનુ જે તહોમત છે તે માટેના જે તત્વો પૈકી આરોપીનો અપ્રમાણીક ઈરાદો હોવો જોઈએ તે સૌથી મહત્વનુ તત્વ છે અને ઈ.પી.કો કલમ–૨૪ માં "અપ્રમાણીક" શબ્દની જે વ્યાખ્યા આપવામાં આવેલ છે તે મુજબ સદોષ લાભ મેળવવા અથવા કોઈ વ્યકિતને સદોષ હાની પહોંચાડવા ના ઈરાદાથી કુત્ય કરવામાં આવે તો તે કુત્ય અપ્રમાણીકપણે કર્યુ છે તેમ કહેવાય. "સદોષ લાભ" અને "સદોષ હાની" શબ્દની વ્યાખ્યા ઈ.પી.કો કલમ–૨૩ માં આપવામાં આવેલ છે. જે મુજબ કાનુની રીતે મિલકતની પોતે હક્કદાર ન હોય તેવી મીલકતનો ગેરકાયદેસરના સાધનો ધ્વારા લાભ મેળવેલ હોય તો તે સદોષ લાભ કહેવાય અને તેજ રીતે કાનુની રીતે મિલકતની પોતે હક્કદાર હોય તેવી મીલકતનુ ગેરકાયદેસરના સાધનો ધ્વારા નુકશાન ભોગવેલ હોય તો તે સદોષ હાની કહેવાય. હાથ પરના કેસની હકીકતો જોઈએ તો આ કામે તપાસવામાં આવેલ તમામ સાહેદોની જુબાની પરથી ફરીયાદ પક્ષ

એવી હકીકત પુરવાર કરી શકેલ નથી કે આરોપી નં. ૧ દવારા રાજકોટ નાગરીક સહકારી બેંક, જસદણશાખાને વિશ્વાસમાં લઈ રૂપિયા ૪ કરોડની લોનની સીસી મેળવી તથા તેના હપ્તા નહી ભરી મીલમાં કપાસના રૂના કાચા–પાકા માલનો સ્ટોક બેંકની સંમતી વગર બારોબાર વેંચી નાખી લોનની રકમ નહી ભરી બેંક સાથે છેતરપીંડી તથા વિશ્વાસઘાતનો ગુનો આચરેલ છે. વધુમાં આ કામે આંક–૧૦૭ થી તપાસવામાં આવેલ ફરીયાદી પોતાની ઉલટતપાસમાં એવી હકીકતો કબુલે છે કે હું જસદણ શાખામાં હાલનો કેસ થયો તેના પાંચેક માસ પહેલા જોઈન્ટ થયેલો.એ વાત ખરી છે કે આ કામના આરોપી ડોકટર બાવીશીનાઓએ તારીખ–૩૧/૦૮/૨૦૧૫ ના રોજ એક અરજી આપેલી. આ અરજીમાં તેઓએ એમ જણાવેલ છે કે અનુરાધા સ્પીનીંગ મિલમાં મશીનરી તથા અન્ય સામાનની ચોરી થયેલ છે. એ વાત ખરી છે કે આ અરજીના અનુસંધાને હું તથા હેડ ઓફીસના અધિકારીઓ સ્થળ ઉપર તપાસ કરવા ગયેલા હતા ત્યાં તાળું મારેલું હતું. **આ તારીખ–૩૧/૦૮/૨૦૧૫ ના રોજવાળી અરજીમાં એવું પણ લખેલું હતું કે, અનુરાધા સ્પીનીંગ મિલના ડિરેકટરશ્રી રવજીભાઈ ભીખાભાઈ ઠુંમર તથા તેમનો પુત્ર ચિરાગ રવજીભાઈ ઠુંમર તથા બટુકભાઈ ઉકાભાઈ છાયાણીનાઓ મળીને અનુરાધા સ્પીનીંગ મિલમાં મારી જાણ બહાર ચોરી છુપીથી રાત્રે રાત્રે મશીનરીના સામાનની ચોરી કરેલ છે અને તે બાબતનું હું તમને લેખીતમાં જાણ કરૂ છું.** આ તારીખ–૩૧/૦૮/૨૦૧૫ ના રોજવાળી અરજી બતાવવામાં આવે છે તેમાં રીસીવ કરનાર તરીકે મારી સહી છે જે હું ઓળખી બતાવું છું. વધુમાં આ ફરીયાદી તેમની બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરે છે કે, "**એ વાત ખરી છે કે આ તારીખ–૩૧/૦૮/૨૦૧૫ ના રોજવાળી અરજી અમોએ ફરીયાદ આપ્યા પહેલા**

**આરોપીએ આપેલી. એ વાત ખરી છે કે લોન અંગેની કાર્યવાહી પુર્ણ થયા બાદ જ લોનની રકમ મળે.** એ વાત ખરી છે કે લોન મંજુર કરતા સ્થળની મુલાકાત લેવાય છે અને જરૂરીયાતની મશીનરી માટે કોટેશન મેળવવામાં આવે છે અને સીસી માટે તેના હિસાબી સરવૈયા ચેક કરી સીસી મંજુર કરવામાં આવે છે. અમોએ જુની મશીનરીમાં હાલના આરોપીને લોન આપેલ હોય તે મશીનરીની વેલ્યુએશન રીપોર્ટ કરીને આપવામાં આવે છે. **એ વાત ખરી છે કે લીધેલ લોનના કે સીસીના હપ્તા ભરવામાં લોન ગ્રાહક નિષ્ફળ જાય તો નિયત સમયમાં તેને નોટીસ આપી નોટીસ સમયમાં રકમ ન ભરે તો તેમની સામે દિવાની કાર્યવાહી થઈ શકે.** એનપીએ લોન લેનાર વ્યકિત લોનના હપ્તા ત્રણ માસ સુધી સળંગ હપ્તા ન ભરે તો તેની સામે એનપીએ કરવામાં આવે છે. સીસીમાં વ્યાજ ન ભરે તો એનપીએ કરવામાં આવે છે. એનપીએ કર્યા પહેલા અમો ગ્રાહકને નોટીસ આપ્યે છીએ. **અમો સ્થળ મુલાકાત લીધી તે પહેલા અમારા બેંકના કર્મચારી બે વખત ઈન્સ્પેકશન કરવા માટે ગયેલા ત્યારે માલ,મશીનરી અને સ્ટોક વ્યવસ્થિત હતું. દર ત્રણ મહીને જવાનું હોય છે. અમારા કર્મચારીઓ એનપીએ કરતા પહેલા કઈ તારીખે અને કયારે ગયેલા તે મને ચોકકસ તારીખ યાદ નથી. અમો ઈન્સ્પેકશન બાદ બે વખત ગયેલા ત્યારે સ્થળ પર મિલને તાળા મારેલા હતા તે વખતે હું તથા હેડ ઓફીસના કર્મચારીઓ હાજર હતા. અમો સ્થળ મુલાકાત લીધી ત્યારે તાળું મારેલ હોય મિલની અંદર કઈ મશીનરી,કેટલો સ્ટોક,શું અંદર હતું તેની કોઈ વિગતનો અમને ખ્યાલ નથી. અમો સેકન્ડ ટાઈમ ગયા ત્યારે દરવાજા ઉપર બંધ હાલતમાં નોટીસ ચોડેલી ત્યારે અંદર શું હતું તેની અમને ખબર નથી.** અમોએ મામલતદાર સાહેબની હાજરીમાં મિલના તાળા તોડેલા અને ત્યારે પ્રથમ વખત જ મિલની અંદર પ્રવેશ કરેલો. ત્યાર પહેલા મિલને તાળા હોય અમોએ અંદર પ્રવેશ કરેલો નહી. એ વાત ખરી છે કે અમો મામલતદાર સાહેબને સાથે રાખીને મિલની અંદર પ્રવેશ કરેલો ત્યાર પહેલા ગયા નથી. અમો

મામલતદાર સાહેબને સાથે રાખીને ગયા ત્યારે મિલની અંદર કોઈ સામાન ન હતો તેની ખબર ત્યારે જ પડેલી ત્યાર પહેલા પડેલી નહી. અમોએ આરોપી ચતુરભાઈ લાલજીભાઈ બાવીશી સાહેબે અરજી આપ્યા બે વખત સ્થળનું ચેકીંગ કરેલું અને બન્ને વખતે તાળા મારેલા હતા. અમોએ બાવીશી સાહેબની અરજીનો જવાબ આપેલ નહી. **આ મિલમાંથી સ્ટોકનો,મશીનરીનો વિગેરેનો કોણે સગે વગે કરી,કોણ લઈ ગયેલું તેની કોઈ જાણ અમોને હતી નહી. અમોએ મિલની અંદર સામાન અથવા મશીનરી,કાચો માલ મળી આવેલ નહી તે બાબતે આરોપીઓને કોઈ જાણ કરી ખુલાસો મેળવેલ નથી.** આમ, જયારે ફરીયાદીને માલ અને મશીનરી અંગે કોઈ સ્પષ્ટ માહિતી નથી તે સંજોગોમાં આ કામના આરોપી નં. ૧ દવારા તારણમાં રાખવામાં આવેલ મશીનરી તથા અન્ય વસ્તુઓનો નાશ કોણે કરેલ તે હકીકત રેકર્ડ પર આવવા પામતી નથી. તેમજ ફરીયાદીને ફરીયાદ કર્યા સિવાય અન્ય કોઈ માહિતી નથી. જેથી, ફરીયાદીની જુબાની પર આધાર રાખી આ કામના આરોપી નં. ૧ ને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. વધુમાં આ કામે આંક-૧૩૨ થી તપાસવામાં આવેલ તપાસ કરનાર અકલદાર શ્રી હરેશભાઈ ગોવિંદભાઈ પલ્લાચાર્યનાઓએ પોતાની ઉલટતપાસમાં આવી હકીકતો જણાવેલ છે કે, **એ વાત ખરી છે કે આ કામે આરોપીઓ સરકારી કર્મચારીઓ નથી. એ વાત ખરી છે કે આરોપીએ કાયદેસર કાર્યવાહી કરી લોન મેળવેલ.** એ વાત ખરી છે કે બનાવ બન્યા બાદ ગુન્હો બે વર્ષ બાદ નોંધાયેલ. **એ વાત ખરી છે કે બેંકના કર્મચારીઓ બનાવવાળી જગ્યાએ ગયા ત્યારે બનાવવાળી જગ્યા બંધ હાલતમાં હતી. આરોપીઓએ મિલમાં ચોરી થઈ ગયા અગેમની ફરીયાદ કરેલી અને તેના કાગળો રજુ કરેલા. એ વાત ખરી છે કે આરોપી નં.૧ નાએ આરોપી નં.૨ તથા અન્ય સામે ચીંટીગ તથા ઉચાપત તથા ખોટા દસ્તાવેજો બનાવવા અંગે ફરીયાદ કરેલી. એ વાત**

**ખરી છે કે આરોપી નં.૧ નાએ ફરીયાદના અનુસંધાને આરોપી નં.૨ તથા અન્યના નિવેદનો મે લીધેલા અને તે નિવેદનો મુજબ મીલની જગ્યાએથી મશીનરી કાળાસર ગામે ફેરવેલ હોવાની વિગતો જણાવેલ છે. આ મશીનરી ફેરવવા માટે આરોપી નં.૧ જવાબદાર નથી. એ વાત ખરી છે કે મે તપાસના કામે કાળાસર ગોડાઉનની તપાસ કરેલ નહી.** એ વાત ખરી છે કે કાળાસરથી મુદામાલ કયા સગેવગે થયેલ તે તપાસમાં ખુલેલ નહી. એ વાત ખરી છે કે આ કામે મુદામાલ કબ્જે થયેલ નથી. એ વાત ખરી છે કે મીલનો વહીવટ આરોપી નં.૨ રવજીભાઈ કરતા હતા. આમ, આ તપાસ કરનાર અમલદારની જુબાની જોતા તેઓએ એવી હકીકત સ્વીકારેલ છે કે, આરોપી નં. ૧નાએ આરોપી નં. ૨ સામે ચીટીંગની ફરીયાદ કરેલ હોવાની હકીકત સ્વીકારે છે. જેથી, આરોપી નં. ૨નાએ ચીટીંગ કરેલ છે. આમ, આ કામે તપાસ કરનાર અમલદાર તેમજ આ કામે તપાસવામાં આવેલ તમામ સાહેદો તથા પંચ સાહેદોની જુબાની જોતા આ કામે રજુ થયેલ તમામ પંચનામાઓ પુરવાર થયા વિનાના રહે છે. વધુમાં આ કામે સમગ્ર હકીકતો જોવામાં આવે તો ફરીયાપક્ષનો કેસ એવો છે કે, આરોપી નં. ૧નાએ લોન લઈ તેના હપ્તા નહી ચુકવી બેંક સાથે છેતરપીંડી તેમજ વિશ્વાસઘાતનો ગુનો કરેલ છે પરંતુ ઉપરોકત નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો અરૂણ **અરુણ ભંડારી** વિરુધ્ધ **સ્ટેટ ઓફ યુ.પી.** કે જે **૨૦૧૩ વોલ્યુમ(૧) ક્રિમીનલ કોર્ટ કેસીસ પાના નં. ૬૧૬** ના પેરા ૨૧ મા જણાવ્યા મુજબ નીચે મુજબ છે.

> It is necessary to show that a person had fraudulent or dishonest intention at the time of making the promise, to say that he committed an act of cheating. A mere failure to keep up promise subsequently cannot be presumed as an act leading to cheating.

આમ, ઉપરોકત ચુકાદો ધ્યાને લેતા આ કામની હકીકતો સાથે જોતા હાલના કેસમાં ફરીયાદી એવી હકીકત સ્વીકારે છે કે, આરોપીએ કાયદેસર કાર્યવાહી કરી લોન લીધેલ અને આવી લોન લેતી વખતે આરોપીનો ડીસઓનેસ્ટ કે ફ્રોડયુલન્ટ ઈરાદો હોવાની હકીકત સાબીત થયેલ નથી. જેથી પણ આ કામે આરોપી નં. ૧નાને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. વધુમાં તપાસ કરનાર અમલદાર પોતાની જુબાનીમાં આરોપી નં. ૧ સરકારી કર્મચારી નથી તેવી હકીકત સ્વીકારરેલ છે. વધુમાં આરોપી નં. ૧ નાઓ જાહેર નોકર નથી, બેંકર નથી, મર્ચન્ટ નથી કે એજન્ટ નથી જેથી પણ આ કામના આરોપી નં. ૧ નાઓને ઈ. પી. કો. કલમ– ૪૦૯ મુજબ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. વધુમાં આ કામે આરોપી નં.. ૧ નાઓ સામે લોનના હપ્તા ચુકવાયેલ ન હોય જેથી હાલની ફરીયાદ ફરીયાદી બેંકે કરેલ છે જે સંબંધં નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો **Satishchandra Ratanlal Shah vs The State Of Gujarat** કે જે **AIR 2019 SUPREME COURT 1538,** મા રીપોર્ટ થયેલ છે તેના પેરા ૧૦ થી ૧૪, જોતા નીચે મુજબ છે.

10. Before we analyse this case, it is to be noted that the criminal application preferred by the accused before the High Court was against the order of the Trial Court at the stage of framing of charges, wherein it is the duty of the court to apply its judicial mind to the material placed before it and to come to a clear conclusion that a prima facie case has been made out against the accused. An order for framing of charges is of serious concern to the accused as it affects his liberty substantially. Courts must therefore be cautious that their

decision at this stage causes no irreparable harm to the accused.

11. Coming to the aspect of quashing of the charges, it is well settled that such exercise needs to be undertaken by the High Court in exceptional cases. It is also well settled that the framing of charges being initial stages in the trial process, the court therein cannot base the decision of quashing the charge on the basis of the quality or quantity of evidence rather the enquiry must be limited to a prima facie examination. [refer to State of Bihar vs. Ramesh Singh, 1977 CriLJ 1606].

12. Having observed the background principles applicable herein, we need to consider the individual charges against the appellant. **Turning to Section 405 read with 406 of IPC, we observe that the dispute arises out of a loan transaction between the parties. It falls from the record that the respondent no.2 knew the appellant and the attendant circumstances before lending the loan. Further it is an admitted fact that in order to recover the aforesaid amount, the respondent no. 2 had instituted a summary civil suit which is still pending adjudication. The law clearly recognizes a difference between simple payment/investment of money and entrustment of money or property. A mere breach of a promise, agreement or contract does not, ipso facto, constitute the offence of the criminal breach of trust contained in Section 405 IPC without there being a clear case of entrustment.**

13. In this context, **we may note that there is nothing either in the complaint or in any material before us, pointing to the fact that any property was entrusted to the appellant at all which he dishonestly converted for his own use so as to satisfy the ingredients of**

**Section 405 punishable under Section 406 of IPC. Hence the learned Magistrate committed a serious error in issuing** process against the appellants for the said offence. Unfortunately, the High Court also failed to correct this manifest error.

14. Now coming to the charge under Section 415 punishable under Section 420 of IPC. In the context of contracts, the distinction between mere breach of contract and cheating would depend upon the fraudulent inducement and mens rea. (See Hridaya Ranjan Prasad Verma v. State of Bihar, (2000) 4 SCC 168). In the case before us, admittedly the appellant was trapped in economic crisis and therefore, he had approached the respondent no. 2 to ameliorate the situation of crisis. Further, in order to recover the aforesaid amount, the respondent no. 2 had instituted a summary civil suit seeking recovery of the loan amount which is still pending adjudication. The mere inability of the appellant to return the loan amount cannot give rise to a criminal prosecution for cheating unless fraudulent or dishonest intention is shown right at the beginning of the transaction, as it is this mens rea which is the crux of the offence. Even if all the facts in the complaint and material are taken on their face value, no such dishonest representation or inducement could be found or inferred.

15. **Moreover, this Court in a number of cases has usually cautioned against criminalizing civil disputes, such as breach of contractual obligations [refer to Gian Singh v. State of Punjab, (2012) 10 SCC 303]. The legislature intended to criminalize only those breaches which are accompanied by fraudulent, dishonest or deceptive inducements, which resulted in involuntary and inefficient transfers, under Section 415 of IPC.**

16. However, the High Court appears to have been carried away by the moral element involved in the

breach of promise and made certain observations. Being a policy consideration, such suggestions need to be restricted. The aforementioned observations of the High Court were not only unnecessary for the adjudication of this matter, but the same could have been understood as casting some kind of aspersions on the accused. This clearly reflected a loaded dice situation against the appellant herein.

17. In our considered opinion, the High Court should have maintained judicial restraint and desisted from making such general observations at this stage of the criminal proceeding, as they may have had a bearing on the adjudication of the trial. Therefore, the observations made in paragraphs 42 and 43 of the impugned judgment stand expunged.

આમ, ઉપરોકત ચુકાદો ધ્યાને લેતા નામદાર સર્વોચ્ચ અદાલત દવારા ઉપરોકત ચુકાદામાં એવું સ્પષ્ટપણે ટરાવેલ છે કે, લોનની રકમ ભરવામાં જયારે આરોપી અસક્ષમ બને તે સંજોગોમાં આરોપીએ ચીટીંગનો એટલે કે ઈ.પી.કો. કલમ–૪૨૦ મુજબનો ગુનો કરેલ હોય તેવું કહી શકાય નહી. જેથી, ઉપરોકત ચુકાદો ધ્યાને લેતા પણ આ કામના આરોપી નં. ૧ ને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. વધુમાં ગેરકાયદેસરના સાધનો ધ્વારા કોઈને હાની પહોંચાડેલ હોય એટલે કે ઈ.પી.કો કલમ–૨૩ અને કલમ–૨૪ ની વ્યાખ્યાઓ મુજબ અપ્રમાણીક ઈરાદાથી કોઈ કુત્ય કરેલ હોય તેવી હકીકત જ ફરીયાદપક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.  હોય તેવી હકીકત ફરીયાદ પક્ષે નિ:શંકપણે સાબિત થતી નથી. જેથી આ કામના આરોપીઓને ઈ.પી.કોડની કલમ–૪૦૯, ૪૦૬ તથા ૪૨૦ મુજબ તકસીરવાન ઠરાવી શકાય તેટલો પુરાવો રેકર્ડ પર આવવા પામેલ નથી. જેથી મુદા નં. ૧ નો નિર્ણય નકારાત્મક આપવામાં આવે છે. વધુમાં, ફોજદારી ન્યાયતંત્રનાં સ્થાપિત

સિધ્ધાંત મુજબ એવું અનુમાન કરવાનું હોય છે કે જયારે સાહેદ સોગંદ ઉપરની જુબાની આપે છે ત્યારે તેઓ પોતાનાં જ્ઞાન અને માહિતી મુજબ સાચુ જ બોલતાં હોય છે. સિવાય કે તેનાથી વિરૂધ્ધની હકીકતો સાબિત કરવામાં આવે. જયાં સુધી એવી હકીકત સાબિત કરવામાં ના આવે કે સાહેદને ખોટું બોલવા કોઈ કારણ છે ત્યાં સુધી તેમની જુબાની વિશે શંકા કરવા કોઈ કારણ રહેતું નથી. પુરાવાનું મૂલ્યાં કન શબ્દને પુરાવાના કાયદામાં કયાંય વ્યાખ્યાબધ્ધ કરવામાં આવેલ નથી કે તે માટે કાનૂન સમર્થિતક કોઈ નિયમ નથી. પુરાવાનું મૂલ્યાંકન કેવી રીતે કરવું તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારિત હોય છે. ક્રિમીનલ જસ્ટીસ સીસ્ટમમાં સત્ય શું કે તેનો નિર્ણય કરવા માટે ફરીયાદપક્ષ દવારા પ્રસ્તુત કરવામાં આવેલ પુરાવાની છણાવટ ઉપર આધાર રહેલ છે. પુરાવાની છણાવટ કેવી રીતે કરવી તે માટેનાં કોઈ ચોકકસ નિયમો ઘડવામાં આવેલ નથી કારણ કે દરેક કેસની હકીકત પુરાવો આજુબાજુનાં પરિબળો તે તમામ ભિન્ન ભિન્ન પ્રકારની હોય છે. પુરાવાનાં મૂલ્યાંકનનો આધાર પુરાવાનાં કાયદાની કલમ–૩ માં કરવામાં આવેલી સાબિત અને નાસાબિતની વ્યાખ્યા પર આધારિત છે. સાબિત થયેલી હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય. ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ પર રહે છે. ફરીયાદપક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોય છે. દિવાની કાર્યવાહીમાં જે રીતે સંભવિતતાં દર્શાવવામાં આવતી હોય

છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહી માં હોતી નથી. ફોજદારી કાર્યવાહીનાં તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપી પર ખસતો નથી. ફરીયાદ પક્ષે માત્ર સંભવિતતાં જ દર્શાવવાની હોતી નથી પરંતુ આરોપી પરનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનું રહે છે. ફોજદારી કાર્યવાહીમાં આરોપી જો કોઈ અપવાદોનો લાભ લેવા માંગતાં હોય તો પણ તેમણે પુરાવાનાં કાયદાની કલમ–૧૦૫ મુજબ સંભવિતતાં દર્શાવવાની રહે છે. આરોપીએ અપવાદ માહેની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોતી નથી. વધુમાં ફોજદારી ન્યાયશાસ્ત્રનો એવો પણ સ્થાપિત થયેલ સિધ્ધાંત છે કે, સો ગુનેગારો ભલે છટકી જાય પરંતુ કોઈ નિર્દોષ માર્યો જવો જોઈએ નહીં. આમ, ઉપરોકત કરેલ ચર્ચા કારણોસર આ કામના આરોપીઓને તકસીરવાન ઠરાવવું ન્યાયોચિત જણાતું નથી. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ''કૈલાસ ગોર વિરૂધ્ધ સ્ટેટ ઓફ આસામ'' જે એ.આઈ.આર. ૨૦૧૨, એસ.સી. પાના નંબર–૭૮૬ ના ચુકાદામાં પ્રતિપાદીત કરેલ સિધ્ધાંતો જોતાં તેના પેરા–૨૮માં એમ ઠરાવેલ છે કે,

> “It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed a long distance between accused 'may have committed the offence' and 'must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognised as a human right which cannot be wished away. See Narendra Singh and Anr. v. State of M.P. (2004) 10 SCC 699 : (AIR 2004 SC 3249) and Ranjitsingh Brahmajeetsingh Sharma v. State of Maharashtra and Ors. (2005) 5

SCC 294 : (AIR 2005 SC 2277). To the same effect is the decision of this Court in Ganesan v. Rama Raghuraman and Ors. (2011) 2 SCC 83 : (AIR 2011 SC (Cri) 419) where this Court observed: "Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the statutory exceptions, the said principle forms the basis of criminal jurisprudence in India."

વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ''દિગમ્બર વૈષ્ણવ વિરૂધ્ધ સ્ટેટ ઓફ છત્તીસગઢ''નો ચુકાદો કે જે (૨૦૧૯)(૪) (એસ.સી.સી. – પેજ નં.પ૨૨) માં પ્રસિધ્ધ થયેલ છે જેનાં પેરા–૧પ તથા ૧૯ માં ઠરાવેલ છે કે....

15. One of the fundamental principles of criminal jurisprudence is undeniably that the burden of proof squarely rests on the prosecution and that the general burden never shifts. There can be no conviction on the basis of surmises and conjectures or suspicion howsoever grave it may be. Strong suspicion, strong coincidences and grave doubt cannot take the place of legal proof. The onus of the prosecution cannot be discharged by referring to very strong suspicion and existence of highly suspicious factors to inculpate the accused nor falsity of defence could take the place of proof which the prosecution has to establish in order to succeed, though a false plea by the defence at best, be considered as an additional circumstance, if other circumstances unfailingly point to the guilt.

19. It is also well-settled principle that in criminal cases, if two views are possible on evidence adduced in the case, one binding to the guilt of the accused and the other is to his innocence, the view which is favourable to the accused, should be adopted. This principle has a special relevance in cases wherein the guilt of the accused is sought to be established by

circumstantial evidence [See Kali Ram v. State of Himachal Pradesh, (1973) 2 SCC 808].

**(૨૪)** આમ, રેકર્ડ પરનો પુરાવો જોતા ફરીયાદ પક્ષ આરોપી વિરૂધ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય મુદ્દા નં. ૧ અને ૨ પરત્વેનો નિર્ણય નકારાત્મક આપવામાં આવે છે અને આ અદાલતે કરેલ ઉપરોકત ચર્ચા અન્વયે આપેલ કારણો અને આવેલ તારણોને આધારે મુદ્દા નં. ૩ પરત્વેનો નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## –:: આ ખ રી હુ ક મ ::–

➔ આ કામના આરોપી નં. ૧ **ચતુરભાઈ લાલજીભાઈ બાવીસી,** રહે. જસદણ, તા. જી. રાજકોટ, નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે તેમની સામેનાં ઈ.પી.કોડની કલમ–૪૦૬, ૪૨૦ મુજબનાં શિક્ષાપાત્ર ગુનામાંથી પુરાવાનાં અભાવે વ્યાજબી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. તથા આ કામના આરોપી નં. ૨ **રવજીભાઈ ભીખાભાઈ ડુંમર** નાઓ મરણ ગયેલ હોય તેઓને એબેટ કરેલ છે.

➔ ક્રિ. પ્રો. કોડની કલમ–૪૩૭(એ) મુજબ અપીલ સમયે ઉચ્ચ અદાલતમાં હાજર રહેવાની બાંહેધરી પેટેના સધ્ધર જાત જામીન તેમજ મુચરકા આરોપીઓએ રજુ કરવા.

➔ આ કામે મુદામાલ પાવતીમાં જણાવેલ મુદામાલનો નિયમોનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

➔ વધુમાં હાલના કેસનું રેકર્ડ ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઈઓ મુજબ વર્ગીકરણ અર્થે રેકર્ડ રૂમમાં મોકલી આપવું.

આ હુકમ આજરોજ તા.૨૦–મી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**તા.:–૨૦/૦૪/૨૦૨૬** **(કૃષ્ણકાન્ત નરેન્દ્રકુમાર દવે)**
**સ્થળ : જસદણ.** **એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,**
**જસદણ.Judge Code.GJ-01116**

**V. D. THAKER**
**Guj. Steno.**